Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના, રોગે હણાયે નહી,
એવા સુંદર શ્રેષ્ઠ મુક્ત ગુણથી શોભે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. અશાડ. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૪ થો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

## अनुक्रमणिका.

૧ શ્રીવીરનો ગુણાનુવાદ (સમશ્લોકી). ... ... ... ... ૯૯
૨ વર્ધમાન તપની ઓળી સંબંધી સામાન્ય સમજ... ... ... ૧૦૨
૩ તિથિઓ સંબંધી તપની સમજ... ... ... ... ... ૧૦૩
૪ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ... ... ૧૦૫
૫ મેવાડ મારવાડનાં કેટલાંક તીર્થસ્થાનો. ... ... ... ... ૧૧૪
૬ જૈનધર્મ અને તેના ચારિત્ર વિધિનો અનુભવ. ... ... ... ૧૨૩
૭ પાલીતાણામાં થયેલી ગંભીર હોનારત. ... ... ... ... ૧૨૯

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### श्री मलयगिरिजीकृत टीकायुक्त

# कर्मप्रकृति

### ( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઇને તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઇચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ખાતે આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડત કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઇને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઇ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઇચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઇફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારા પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧–૭–૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. **તંત્રી.**

## ઉપરના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે પણ નીચે પ્રમાણે સગવડ રાખવામાં આવી છે.

| | | | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨ાા | ૦ા− |
| ૨ | શ્રી કર્મગ્રંથ ટીકાયુક્ત વિભાગ ૨ જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ૦ા |
| ૩ | શ્રી જ્ઞાનસાર ટીકાયુક્ત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ૦ાાા | ૦)≈ાા |
| ૪ | શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ૦)≋ |
| ૫ | શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ૦ા | ૦)− |
| ૬ | શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ૦ાા | ૦)−ાા |
| ૭ | ધનપાળ પંચાશિકા. ટીકા અર્થયુક્ત. | રૂ ૦)≋ | ૦)૩ા |
| ૮ | દસ્તવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ૦)≋ | ૦)૩ા |

બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો વેલ્યુપેબલનો લાગશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लङ्घयितव्या दिस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवन्त्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. અષાડ. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૪ થો.

## श्रीमद् हेमचंद्राचार्य विरचित
## *अयोग व्यवच्छेदिका ( बत्रीशी )
# श्रीवीरनो गुणानुवाद.
## (समश्लोकी.)

( અનુવાદક મી. માવજી દામજી શાહ. )

ઉપજાતિ છંદ.

અધ્યાત્મ વેત્તાથકી એ અગમ્ય, વચસ્વિઓથી પણ એ અવાચ્ય;
દૃષ્ટાથકી એ નહિ દૃશ્યરૂપ, સ્તવીશ હું એ વીરનું સ્વરૂપ. ૧

* અયોગનો વિભાગ પાડનારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને યોગિને આ સ્તુતિ શું અશક્ય, ગુણોમહિં રાગ મને અનન્ય;
એવું વિચારી સ્તુતિ આ તમારી, કરતાં છતાં અજ્ઞ ! ન દોષકારી. ૨
ક્યાં સિદ્ધસેન–સ્તુતિયો મહાર્થો, ને આ અશિક્ષિતતણી કળા ક્યાં ?
માર્ગે યુથાધિપતિનાંજ તો ’ય, ધીમે જતું બાળ ન શોચનીય. ૩
હે નાથ ! જે નાશ કર્યો અનેક, [1]દુરંત દોષો સહુ તેંજ છેક;
આશ્ચર્ય એ તેજ વિવિધ દોષો, ઇર્ષ્યાથી લેતાં પર તીર્થદેવો. ૪
યથાર્થ કે ’તાં પ્રભુ ! આપ વસ્તુ, ન મેળવ્યું કૌશલ્ય અન્ય જેવું;
જે લાવતાં [2]અશ્વનું શૃંગ પોતે, નમું ! અહો એ નવ[3] પંડિતોને. ૫
હમેશ એ ધ્યાનબળે જગત્‌ને, કૃતાર્થ કરતાં પ્રભુ ! આપ નિશ્ચે;
શું અન્ય આશ્રિતજ શરણુ લેવાં, પ્રસન્ન થઇ તે નિજ માંસ દેતાં. ૬
પોતે કુમાર્ગો વદતાં જતાં રે, ને અન્યને એ ઠગતાં અરે રે;
[4]સુમાર્ગને [5]તદ્‌વિદ એ તમોને, ઇર્ષ્યાથી એ અંધ જનો ! વખોડે. ૭
પ્રદેશવાળાં પરશાસનો એ, રે ! આપનું શાસન હારવું તે;
ખદ્યોત પોત દ્યુતિ ડંબરે એ, વિડંબના શું થતી ભાનુમંડલે. ૮
શરણ્ય ! તારા પણ તત્ત્વમાં જે, સંદેહી કે થાય વિરોધી તો તે;
સ્વાદિષ્ટ ને યોગ્ય સુહિત પથ્યે, સંદેહી કે થાય વિરોધી તો તે. ૯
હિંસાદિ એ કર્મ પથો કહ્યાથી, સર્વજ્ઞથી કે ન કહેલ તેથી;
[6]નૃશંસ દુર્બુદ્ધિ તણીજ ખાણ, રે ! અન્યનું [7]આગમ [8]અપ્રમાણ. ૧૦
હિતોપદેશે [9]સર્વજ્ઞ કૃતિથી, [10]મુમુક્ષુ સત્સાધુતણા ગૃહ્યાથી;
[11]પૂર્વાપરે એ અવિરોધ તો એ, પ્રમાણ ત્હારાં પ્રભુ આગમો એ. ૧૧
કરે તિરસ્કાર સમું ગણે કે, આળોટતાં સુર પગે તમારે;
તો ’યે યથાવસ્થિત દેશનાઓ, છુપાવશે ! એ કયમ અન્ય દેવો. ૧૨
એ દુઃખ આ કાળ વિષે ફળેલું, એ ’તાં થશે કાર્ય તમારી જેવું;
કરે ઉપેક્ષા તુજ [12]શાસનાર્થ, તો આ જન ! પૂર્ણ ઠગાય નાથ. ૧૩
હજાર વર્ષો સુધી રે તપો તપે, ને યોગ યુગાંતર સુધી સાધે;
ત્હારો પ્રભુ ! માર્ગ મળે ન તોયે, કે મેળવે મોક્ષ ન કે મૂકાયે. ૧૪
[13]અનાપ્ત [14]જાડ્યાદિ કૃતિપણું તો, સંભાવના સંભવિ વિપ્રલંભો,

૧. અનિવાર્ય. ૨. અશ્વશૃંગ–ઘોડાને ક્યારે પણ શીંગડું હોતું નથી, પણ મતાંતરવાળા જ્યાં ત્યાંથી ઘસડી લાવે છે. ૩. નવીન પંડિતો. ૪. સારા માર્ગવાળા. ૫. તેને જાણનાર. ૬. રાક્ષસો. ૭. ધર્મસિદ્ધાંતો. ૮. માનવા લાયક નથી. ૯. સર્વજ્ઞે બતાવેલ હોવાથી. ૧૦. (સંસારથી) મૂકાવાની ઇચ્છાવાળા. ૧૧. પહેલાં અને પછી પરસ્પર વિરૂદ્ધ ન હોય. ૧૨ શાસનને માટે. ૧૩ અયથાર્થ કહેનાર. ૧૪ આળસ્ય વિગેરે.

For Private And Personal Use Only

એ દેશનાઓ પરપંથવાળી, શું દિવ્ય વાણી મહિં હોય ત્હારી. ૧૫
અયુક્ત [1]અન્યે [2]ઋજુતાથી કીધું, [3]શિષ્યે મળી અન્ય રૂપે બનાવ્યું;
ઠંઠાસ એવો નવ નાથ તારે, તત્ત્વો બધાં એ તુજ દીપતાં રે. ૧૬
દેહાદિ જ્યારે નવ મોક્ષ ત્યારે, શરીર જ્યારે ઉપદેશ ત્યારે;
અન્યોન્ય સ્પર્દ્ધા કયમ એ ઘટે રે, અન્યે સ્વીકારેલજ દેવમાંહે. ૧૭
પૂર્વેજ દેવાંતરમાં ગયેલા, રાગાદિ એવા સહુ દોષ મેલા;
હે નાથ ! એ મોહથકી કરૂણા, સમાધિમાં સ્થિર થઇ ન કરતાં. ૧૮
અરે ! વિવાદિ જન જેમ તેમ, [4]સૃષ્ટિ રચો ! નાશ કરો ફરીજ;
પરંતુ હે નાથ ! તું એકમાંજ, [5]સંસાર નિસ્તારક દેશનાં જ. ૧૯
શરીર સિંહાસન સ્થિર ને શ્લથ, ને નાસિકા આશ્રિત સ્થિર નેણ;
શીખ્યા નહિં એ પરતીર્થ દેવો, જિનેંદ્ર ! મુદ્રા પણ આપની તો. ૨૦
હે નાથ ! સમ્યક્ત્વ બળે જણાય, રે ! આપનો એ પરમ સ્વભાવ;
કુવાસના જાળ વિનાશનારા, નમું ! પ્રભુ શાસનને તમારા. ૨૧
[6]અપક્ષપાતે કરીને પરીક્ષા, અનન્ય બંનેનું જણાય તેમાં;
ત્હારૂં યથાસ્થિત પદાર્થ કે'તું, અયોગ્ય સિદ્ધાંત કહે ! પરોનું. ૨૨
અનાદિ અજ્ઞાન રહસ્ય મુંઝ્યો, સ્વચ્છંદ થઇ ચાપલ સેવતો રહ્યો;
એવાથી હાર્યો પ્રભુ ! મોક્ષ માગું, હું આપનો સેવક રે કરૂં શું ? ૨૩
મૂકયાં અરે વૈર વિરોધ સર્વે, [7]જે નિત્ય વૈરી પણ સેવતાં તે;
રે ! અન્યને દુર્લભ નાથ ત્હારી ! એ [8]દેશના ભૂમિ નમું હું સારી. ૨૪
માને, મદે, કે મદને, કરીને, ક્રોધે ય લોભે વળી હર્ષથી એ;
હાર્યા અરે એ પરનાં સુરો તો, [9]સામ્રાજ્ય તેનું સહુ વ્યર્થ એ તો. ૨૫
રે ! ફેંકતાં કંઠ પરે કુહાડો, તે અન્ય દેવો કરતાં પ્રલાપો;
[10]મનીષિઓનું તુજમાં જિનેંદ્ર ! ન રાગમાત્રે મન પ્રેમ યુક્ત. ૨૬
નક્કી કર્યું રે પણ નાથ ત્હારી, મુદ્રા અરે ! એ નવ તેજ ધારી;
પરીક્ષતાં જે જન મધ્ય ભાવે, સમાનતા કહે મણિ કાચ મધ્યે. ૨૭
હું એ પ્રતિપક્ષી જનો સમક્ષ, ગંભીર નાદે કરૂં એ અવાજ;
" ન અન્ય કોઇ જિનદેવ તુંથી, સ્થિતિ અનેકાંત નતો નયોની. " ૨૮
શ્રદ્ધાથકીજ નહિ પ્રેમ તુંમાં, ન દ્વેષમાત્રે અરૂચિ પરોમાં;
યથાર્થ આપ્તત્વ પરીક્ષતાં રે, સ્વીકાર ત્હારો ! વીર મેં કર્યો એ. ૨૯

---

૧. અન્ય મતાવલંબિઓએ. ૨. સરળપણે. ૩. તેના શિષ્યોએ વળી તેનાથી ઉલટું કર્યું. ૪. સૃષ્ટિનો કર્તા-વળી નાશકર્તા. ૫. સંસારનો અંત લાવનારી. ૬ અમુકની તરફેણમાં ન તણાતાં. ૭ જાતિ વૈર-જેવાં કે-ઉંદર ને બિલાડી. ૮ સમવસરણ ભૂમિ. ૯ પુરુષાર્થ ૧૦ વિદ્વાનોનું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજ્ઞાનીઓને ન પ્રકાશકારી, જે આપને સત્વર પામનારી;
એ હેમચંદ્રાંશુ સુતર્ક રમ્ય, વાણી સ્તવીયે પ્રભુ જે અગમ્ય. ૩૦

**આર્યા**—જે તે સમે જેમ તેમ, જે છે તે નાથ નામથી જે તે;
હોય કલેશ વગર આપ, એકજ તો હો નમન તમને. ૩૧

**શિખરિણી**—અરે શ્રદ્ધામાત્ર, તદપિ સઘળા ભદ્ર મતિયો,
ભલે નિંદો કાં તો. પ્રકૃતિ પરવાહવ્યસનિયો;
અરાગી દ્વેષિની, જિનવર ! પરીક્ષા જે નેં કરે,
કર્યું ત્હેના માટે, સ્તવન પણ આ તત્ત્વ ભર્યું રે. ૩૨

# वर्धमान तपनी ओळी संबंधी सामान्य समज.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

વર્ધમાન તપ એટલે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો તપ. તે તપ સંબંધી ઓળી કરવાની રીતિ આપ્રમાણે છે. પ્રથમ એક આયંબિલ, પછી એક ઉપવાસ એ **પ્રથમ** ઓળી. પછી બે આયંબિલ અને એક ઉપવાસ એ બીજી ઓળી. પછી ત્રણ આયંબિલ અને એક ઉપવાસ એ ત્રીજી ઓળી. પછી ચાર આયંબિલ અને એક ઉપવાસ એ ચોથી ઓળી. પછી પાંચ આયંબિલ અને એક ઉપવાસ એ પાંચમી ઓળી. આ પાંચ ઓળી એક સાથેજ કરવામાં આવે છે. ત્યારબાદ સશક્ત, હિંમતવાન હોય તે એજ રીતે ઉત્તરોત્તર એક એક આયંબિલ વધારતો જાય અને તેના ઉપર પ્રત્યેક ઉપવાસ કરી એક એક ઓળી પૂર્ણ કરતો રહે. જેમકે ૬ આયંબિલ અને ઉપર ઉપવાસ, પછી ૭ આયંબિલ અને ઉપવાસ, પછી ૮ આયંબિલ અને ઉપવાસ, એવી રીતે યાવત્ ૧૦૦ આયંબિલ અને ઉપર ઉપવાસ કરે, ત્યારે ૧૦૦ મી ઓળી પૂર્ણ થાય. એટલે વર્ધમાન તપની પૂર્ણાહુતિ થઇ કહેવાય. આ વર્ધમાન તપની ઓળી અવિચ્છિન્નપણે ( વચમાં તૂટક પાડયા વગર ) ચાલુ રાખવામાં આવે તો તે તપ ૧૪ વર્ષ, ૩ માસ અને ૨૦ દિવસ સુધી ચાલે છે. અને જો વચમાં વચમાં થોડાક દિવસ કંઇ શરીરાદિકની શિથિલતા પ્રમુખ કારણસર પડતી મૂકી પછી આંતરે આંતરે કરવામાં આવે તો તે તપ પૂર્ણ થતાં વિલંબ થાય છે. આ વર્ધમાન તપ ઘણોજ પ્રભાવિક તેમજ દ્રવ્ય ભાવ વિઘ્ન–ઉપદ્રવને હરનારો છે, તેને કોઇક વિરલ ભાગ્યશાળી જનોજ પૂર્ણ કરી શકે છે. એ વર્ધમાન તપ કોઇ મહાનુભાવ સુવિહિત સંવિગ્ન ભવભીરૂ ગીતાર્થ ગુરૂ પાસે શુભ મુહૂર્તે ઉલ્લાસપૂર્વક જિન મંદિરમાં અથવા નંદિ ( સમવસરણ ) મંડાવીને યથાવિધિ અંગીકાર કરી શ્રી ગુરૂમહારાજ પાસે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસક્ષેપ કરાવવો; અને પ્રમાદ તજી નવપદની ઓળી કરતાં જે જે સદાચાર પાળવા સૂચના કરવામાં આવી છે તે તે સદાચારો જ્યાં સુધી આ મહાન્ વર્ધમાન તપનું સેવન કરવામાં આવે ત્યાં સુધી શીળ, સંતોષાદિક પ્રમુખ સદ્વર્તન નેક નિષ્ઠાથી પાળવું. વિશેષમાં પ્રત્યેક ઓળીના દિવસોમાં ગણણું **' નમો તવસ્સ '** અથવા **' નમો સિદ્ધાણં '** પદનું ૨૦૦૦ ગણવામાં આવે છે અને તેના ગુણ પ્રમાણે ૧૨ અથવા ૮ લોગસ્સનો કાઉસ્સગ, પ્રતિદિન તેટલાંજ ખમાસમણાં, તેમજ પ્રદક્ષિણા પણ દેવામાં આવે છે. બાકીની સામાન્ય વિધિ નવપદના પ્રસંગે કહેવામાં આવેલ છે તે ઉપરથી જાણી લેવી.

# तीथीओ संबंधी तपनी समज.

( ૧ )

## બીજનું માહાત્મ્ય તથા સામાન્ય સમજ.

દુવિધ ધર્મનું આરાધન કરવા નિમિત્ત આ તપનું સેવન કરવામાં આવે છે અને તે દિવસે ઉપવાસ પૌષધાદિક યથાશક્તિ કરવું જોઇએ. એ તપ યથાશક્તિ બે માસ, ૨૨ માસ અથવા જીંદગી પર્યંત કરવામાં આવે છે. જ્યાં સ્પષ્ટ ગણણું જણાવવામાં આવેલું નથી ત્યાં પણ નવપદ પૈકી કોઇ પણ પદનું ૨૦૦૦ ગણણું ગણવું ઘટે છે. બાકીનો વિધિ નવપદની ઓળીમાં બતાવ્યા મુજબ યથાયોગ્ય સમજી લેવાનો છે.

( ૨ )

## પંચમી તપનો મહિમા તથા સામાન્ય સમજ.

જ્ઞાનનું આરાધન કરવા શાસ્ત્રકારે પંચમી તપ કરવા જણાવ્યું છે. શક્તિ હોય તો સઘળી પંચમી કરવામાં આવે, નહિં તો દરેક માસની ઉજ્વળ ( અજવાળી ) પંચમી, નહિં તો છેવટે કાર્તિક શુદિ પંચમી ( સૌભાગ્ય પંચમી ) તો જરૂર કરવી જોઇએ; તેમાં ૨૦૦૦ ગણણું **" નમો નાણસ્સ "** એ પદનું ગણવું. કાઉસ્સગ લોગસ્સ ૫ અથવા ૫૧ અને એટલાંજ ખમાસમણાં વિગેરે પણ પ્રતિદિન દેવા જોઇએ. આ તપ પણ યથાશક્તિ પાંચ માસ, પાંચ વરસ અથવા જીંદગી પર્યંત કરવામાં આવે છે. તપના દિવસે પૌષધાદિકનું સેવન કરવું જોઇએ.

( ૩ )

## અષ્ટમી ( આઠમ ) તપનો મહિમા અને તેની સામાન્ય સમજ.

આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામીજીએ કહ્યું છે કે " અટ્ઠ કમ્મ મહ્ણી અટ્ઠમી " એટલે આઠે કર્મનું મથન કરનારી અષ્ટમી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થાત્ વિધિયુક્ત અષ્ટમીનો તપ કરતાં આઠે કર્મનો ક્ષય થઇ શકે છે. તપના દિવસે બની શકે ત્યાંસુધી અવશ્ય પૌષધ પ્રમુખ કરવું જોઇએ. તે તપ યથાશક્તિ ૮ માસ, ૮ વર્ષ અથવા જીંદગી પર્યંત કરવો ઘટે છે.

( ૪ )

## એકાદશી તપનું માહાત્મ્ય તથા સામાન્ય સમજ.

અગીયાર અંગનું આરાધન કરવા આ તપનું નિર્માણ છે. શ્રી નેમિનાથ મહારાજને કૃષ્ણજીએ પોતાના ઉદ્ધારાર્થે કંઇ સાધન માટે પૂછ્યું હતું ત્યારે ભગવાને તેને એકાદશીનું આરાધન કરવા જણાવ્યું હતું. સુવ્રત શેઠે આ પર્વનું યથાવિધિ આરાધન કરેલું છે. તપના દિવસે એક ચિત્તે પૌષધાદિકનું સેવન કરવું, અને તે તપ યથાશક્તિ ૧૧ માસ, ૧૧ વર્ષ અથવા યાવત્ જીવિત કરવું જોઇએ. જો વધારે ન બને તો માગશિર શુદ એકાદશી ( મૌન અગીયારશ ) નું તો અવશ્ય આરાધન કરવું અને તે જીંદગી પર્યંત કરવું. તેનું ગુણણું ( ૧૫૦ કલ્યાણકનું ) અન્ય ગ્રંથમાં બતાવેલું છે ત્યાંથી જોઇ લેવું.

( ૫ )

## ચતુર્દશીનું માહાત્મ્ય અને સામાન્ય સમજ.

ચાદ પૂર્વનું આરાધન કરવા આ તપ કરવામાં આવે છે. તે દિવસે અવશ્ય ઉપવાસ પૌષધાદિકનું સેવન કરવું, અને તે યથાશક્તિ ૧૪ માસ, ૧૪ વર્ષ અથવા જીંદગી પર્યંત કરવું. પાખીની આલોયણ તરીકે પણ દરેક ચાદશે એક ઉપવાસ કે તેના જેટલો બીજો તપ, બે આયંબિલ, ત્રણ નીવી, ચાર એકાસણાં પ્રમુખ કરવો જોઇએ.

( ૬ )

## પૂર્ણિમા અને અમાવાસ્યા સંબંધી તપની સમજ.

છ પર્વી પૈકી પૂર્ણિમા તથા અમાવાસ્યા પણ ચારિત્ર આરાધન તિથિયોજ છે અને તેથી તે ઉપવાસ પૌષધાદિકવડે આરાધવા યોગ્ય છે. તેમાં પણ કાર્તકી અને ચૈત્રી પૂર્ણિમાની તથા વીર પ્રભુના નિર્વાણ દિવસ તરીકે અમાવાસ્યાની પણ અધિકતા જાણવી, અથવા તો બધી તિથિયોનો વિવેક કરવો ઘટે છે. તે આવી રીતે કે દરેક અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા એ ચારિત્ર આરાધનની તિથિઓ જાણીને તેમજ બીજ, પંચમી અને એકાદશી તે જ્ઞાન દર્શન આરાધવાની તિથિઓ જાણીને યથાશકિત તપ તથા પૌષધાદિકવડે તેમનું આરાધન કરવું યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंदराजाना रासउपरथी नीकळतो सार.

( અનુસંધાન પુ. ૨૮ માના પૃષ્ટ ૩૧૫ થી. )

## પ્રકરણ ૧૦ મું.

ગુણાવળી પોતાની સાસુને કહે છે કે–" હું તમને ઓળંભો દેવા આવી છું. આપની સાથે એક રાત્રી આવવામાં મારા નાથ રીસાયા છે. તેનું કારણ બીજું કાંઇ નથી, પણ આપણી તમામ વાતો તેના જાણવામાં આવી છે. તમે બહુ ફુલ મારતા હતા પણ તમારા કરતાં મારા પતિની વિદ્યા વિશેષ જણાય છે. હું તમને ત્યાં કહેતી હતી કે આ મારા પતિ પરણે છે, પણ તમે માનતા નહોતા; હવે સાચું ઠર્યું છે કે મારા પતિજ પ્રેમલાલચ્છીને પરણી આવ્યા છે. આ પૃથ્વીતળ ઉપર જો કે કેટલીક સ્ત્રીઓ ડાહી–વિચક્ષણ હોય છે, પરંતુ પુરૂષ પાસે તેનું ડહાપણ લેખામાં નથી, અર્થાત્ ગમે એટલું સ્ત્રીજાતિમાં ડહાપણ હોય પણ પુરૂષ જેટલું નજ હોય. આપણે બંનેએ મળીને તેને છેતરવા ધાર્યા, પણ તે ન છેતરાણા અને તેણે એકલાએ આપણને બંનેને છેતર્યા. હું કહેતી હતી કે મારા પતિ છેતરાવા મુશ્કેલ છે, પણ ગરીબનું કહ્યું કોણ માને? જરા વિચાર તો કરો કે જે રણસંગ્રામમાં ધૈર્યતા બતાવનારા છે તે સ્ત્રીથી કેમ છેતરાય? હું તમારા કહેવા પ્રમાણે ચાલી તો મારે તો રંગમાં ભંગ પડ્યો. જે જેને અનુકૂળ કાર્ય હોય તે તેનાથી બની શકે છે. બાકી બીજું કાર્ય કરવા જાય તો મારીજેવા હાલ થાય છે. હે સાસુજી! તમારી કળા ને તમારી વિદ્યા હવે તમારી પાસેજ રહેવા દ્યો. મારે તેનો લાભ લેવો નથી. તમે પણ પોતાની બડાઇ હાંકીને મારા જેવીનો સ્વાર્થ બગાડશો નહીં. દેશ વિદેશ જોવા ગયા તો ધણીને દુહવવાનું થયું. આ તો નાક વિંધાવવા આવી ને કાન વિંધાવી ગઇ એના જેવું થયું. મેં હજુ કાંઇ વાત માની નથી, પણ જેણે નજરે જોયું છે તેની પાસે ખોટું કેટલીવાર ચાલે? અને એવા ખોટા પડવામાં સાર પણ શો? માટે હવે કહો કે આનો પ્રતિકાર શું કરવો?"

ગુણાવળીનાં આવાં વચનો સાંભળીને વીરમતી બોલી કે–" તું એ વાતની ચિંતા ન કર, હું એનો ઉપાય કરૂં છું." આમ કહીને અત્યંત ક્રોધાયમાન થઇ હાથમાં તરવાર લઇ એકદમ તે ચંદરાજા પાસે આવી અને તેને અકસ્માત્ જમીનપર પાડી દઇ છાતીપર ચડી બેઠી. પછી કહ્યું કે–" અરે દુષ્ટ! પાપીષ્ટ! તેં વહુને શું કહ્યું? બોલ! આજથી તેં મારા છીદ્ર જોવા માંડ્યા છે તો તું મારી વૃદ્ધાવસ્થા શું પાળીશ? મારાથી દેવતા પણ ડરે તો તારો શો ભાર? આ તો કીડી સોનૈયાપર ચડી એટલે અભિમાનમાં આવી ગઇ! તું જાણતો હઇશ કે હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા છું, મને રાજ્ય મળ્યું છે. પણ તે બધું મારૂં આપેલું છે. હું રાજ્ય કરવાને શકિતવાન્ છું. તારી મારે જરૂરજ નથી, માટે તું તારા ઇષ્ટ દેવને સંભાર, હું હવે તને જીવતો છોડવાની નથી."

અપર માતાનાં આવાં વચનો સાંભળી ચંદરાજા ભયભ્રાંત થઇ ગયો. ગુણાવળી ખોળો પાથરીને કરગરવા લાગી. તે બોલી કે-"હે બાઇજી ! તમારા પુત્ર ઉપર આટલો બધો રોષ ન કરો, એનો એક ગુન્હો માફ કરો. આમાં તો ઉલટા લોકો હસશે. આપને આમ કરવું ઘટતું નથી. હે માતાજી ! મારૂં સૌભાગ્ય હું જીવું ત્યાંસુધી અવિચળ રહેવા દ્યો. હું તમને પગે લાગું છું, ખોળો પાથરૂં છું, મારા ઉપર કૃપા કરો. હું તમારા ક્રોધાનળની બાફ સહન કરી શકતી નથી. શા ભોગ લાગ્યા કે એમણે તમારા છીદ્ર જોયા અને મેં મુર્ખીએ તમારી પાસે આવીને વાત કરી. હું પણ ડાહી છતાં છેતરાણી. હવે મને ઘણો પસ્તાવો થાય છે. હે માતાજી ! છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય. એમની ઉમર શી ? એ જગત્‌ની રીતભાતમાં શું સમજે ? વળી તમે કાંઇ અનર્થ કરશો તો પછી મારે આ મહેલ ને માળીયાં શા કામના છે ? મારૂં જીવતર બધું ધુળમાં રગદોળાઈ જશે, માટે કોઇ રીતે તેમને છોડો. મારા પર કાંઇ પણ કૃપા હોય તો એમને જીવિતદાન આપો. એ સમજશે તો આટલું પણ ઘણું થયું છે. આપને કીડી ઉપર કટક કરવું ઘટતું નથી. એ તો તમારા લાડકવાયા પુત્ર છે. તમે છો એટલે તે નિશ્ચિંત છે. આપને કાંઈ કહેવું હોય તો તેનીવતી મને કહો, પણ મારા પતિને છોડી દ્યો."

વીરમતી બોલી કે-"હે વહુ ! તું છેટી રહે, એ વાતમાં તું કાંઈ સમજ નહીં. હું આવા પુત્ર વિના ચલાવી લઇશ. કોઇ રીતે હું એને છોડવાની નથી. તું હજાર વાત કહીશ તો તે હું સાંભળવાની નથી. એવું સોનું શા કામનું કે જે કાન તોડે. એને કોઈ જગ્યા ન મળી કે એ મારાજ છીદ્ર જોવા લાગ્યો. તેથી એનો બદલો એને મળવોજ જોઇએ."

આ પ્રમાણે કહીને તે ચંદરાજાના ગળા ઉપર તરવાર ચલાવવા જાય છે તેવામાં ગુણાવળી આડી પડી, તેની આંખમાંથી આંસુની ધારા ચાલી અને તે સાસુને ગળે વળગી પડીને બોલી કે-"હે સાસુજી ! કોઇ રીતે મને પતિભિક્ષા આપો. એણે એક વાર અવિચાર્યું કર્યું પણ હવે લાજ હશે તો આખી જીંદગી સુધી નહીં કરે. વળી વિચાર કરો કે એ નહીં હોય તો આ રાજ્ય કોણ કરશે ?"

ગુણાવળીના આ પ્રમાણેના બહુ અસરકારક વચનોથી વીરમતીએ ચંદરાજાને જીવતો રાખવાનું કબૂલ કર્યું, પણ તેનું જીવતર નકામું કરી નાખવા જેવું એક કામ કર્યું. તે એ કે તરતજ એક દોરો મંત્રીને તેને પગે બાંધી દીધો, એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતજ મનુષ્ય ફીટીને તે કુકડો થઇ ગયો. પતિને કુકડો થઇ ગયેલો જોઈ ગુણાવળી અત્યંત દિલગિર થઇ ગઇ. તે સાસુ પાસે કરગરવા લાગી કે–" હે સાસુજી ! આ શું કર્યું ? મારા પતિને ઉતાવળા થઇને તિર્યંચપણું કેમ આપ્યું ? હે માતાજી ! કોઇ પ્રકારે તેને પાછા મનુષ્ય કરો. તેનાપરનો રોષ દૂર કરો. આપણ બે વચ્ચે એક આટલી વસ્તુ છે તેને અસલ રૂપમાં રાખો. હે બાઇજી ! આપ તો વૃદ્ધ છો ને હું બાળા છું. હું આપને કહેવા યોગ્ય નથી, પણ મારાપર કૃપા કરી તેને અસલ સ્થિતિમાં મૂકો. ગમે તેવો પણ તે તમારો પુત્ર છે. વળી તેનાથી રાજ શોભશે. તેના વિના રાજ કોણ કરશે ? પંખી રાજા કાંઇ સાંભળ્યા નથી."

આ પ્રમાણે ગુણાવળીએ ઘણી પ્રાર્થના કરી, પણ વીરમતીનો રોષ ઓછો થયો નહીં. તેણે છેવટે ચીડાઇને કહ્યું કે–" હવે ઝાઝું બોલ બોલ કર નહીં. મને વધારે છેડવામાં માલ નથી. તારે પણ કુકડી થવાની ઇચ્છા હોય તો હવે બોલજે." વીરમતીના આવાં ક્રૂર વચન સાંભળી ગુણાવળી ચુપ થઇ ગઇ અને વીરમતી ત્યાંથી પોતાના મકાનમાં ચાલી ગઇ. અહો ! ઘડીમાં શું બની ગયું ? મોટો ધુરંધર રાજા પક્ષી બની ગયો ! વિધાતાના લખેલા લેખ ફેરવવા કોઇ શક્તિવાન્ નથી.

વીરમતીના ગયા પછી ગુણાવળી કુકડાને ખોળામાં લઇ હાથવડે પસવારતી અને આંસુવડે ન્હવરાવતી બોલવા લાગી કે–" હે નાથ ! જે મસ્તક ઉપર મુકુટ બીરાજતો હતો તે મસ્તક ઉપર અત્યારે રાતા પીંછાનું છોગું છે, જે શરીર ઉપર આછા વાઘા તમે પહેરતા હતા તે શરીર પીંછાઓવડે ઢાંકેલું છે, જે કટી ઉપર તરવાર બાંધતા હતા તેને શસ્ત્રમાં માત્ર વાંકા નખ છે, જે સૂર્યોદય થયે ઉઠતા હતા તે હવે પાછલી રાત્રે જાગનારા થયા છે, જે ભાવતા ભોજન કરતા હતા તે હવે ઉકરડા તરફ દૃષ્ટિ કરનારા થયા છે, જે મુખે ઉત્તમ શબ્દો બોલતા હતા તે મુખે હવે 'કુકડુ કુ' બોલતા થયા છે, જે રત્નજડિત સિંહાસનપર બેસતા હતા તે હવે ભૂમિપર ભમતા થયા છે અને જે સુવર્ણની હિંચોળાખાટ ઉપર હિંચકતા હતા તે હવે પાંજરામાં લોહની સળીપર હિંચકતા થયા છે. અરે દૈવ ! તેં આ શું કર્યું !" આ પ્રમાણે અત્યંત વિલાપ કરતી ગુણાવળી મૂર્છિત થઈ ગઇ. દાસીઓએ શીતળ ઉપચારવડે સાવચેત કરી. પછી તેને શાંત્વન કરવા તેની સખીઓ તેને સમજાવવા લાગી કે–" હે બ્હેન ! આમાં કોઇનો દોષ નથી, દોષ કર્મનોજ છે, તો ફોગટ કોઇને શામાટે દોષ આપવો પડે ? એ માઠા દૈવે તને આવે વખતે રાજ્ય છાજવા ન દીધું તેમાં કોઇ શું કરે ? આમાં માતા શું કરે ? વહુ પણ શું કરે ? અટારો દૈવ જગત્માં કોઇનું ચાલવા દેતો નથી. જે પોતાના લિખિત લેખ હોય છે તે મિથ્યા થઈ શકતાં જ નથી. પૂર્વ ભવના જે સંચિત હોય છે તે પ્રાણીને ભોગવવાંજ પડે છે. તીર્થંકર કે ચક્રવર્તી જેવાનું પણ કર્મ પાસે ચાલતું નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો આપણે કોણ માત્ર છીએ. જે પ્રાણીએ જેવાં કર્મ બાંધ્યા હોય તેવાં તેને ભોગવવાંજ પડે છે: માટે હવે તો મન વાળો અને આ કુકડો જ્યાંસુધી હયાત છે ત્યાંસુધી ચંદરાજા જીવતા જ છે એમ માની મૌન ધારી બેસી રહો. વળી સમય પણ જુઓ! કારણકે માથે વાલેશરી (?) સાસુજી બીરાજે છે. જો તે આ વાત જાણશે તો વળી આવીને કાંઈ નવું કરશે. માટે હવે તો અણબોલ્યાજ રહો; જાણે કે કાંઇ થયુંજ નથી એવો દેખાવ રાખો અને આ કુકડાને પાળો. જિનેશ્વરે કર્મની વિચિત્રતા કહી છે તેમાં કાંઈ ફેરફાર નથી. તમે સાસુ પાસે વહાલા થવા ગયા તો આવું માઠું ફળ ચાખવું પડ્યું. હવે આ કુકડાને તેના વિના બીજું કોણ મનુષ્ય કરી શકે તેમ છે? તેથી તેને પ્રસન્ન રાખો અને આ કુકડાને પ્રાણથી પ્યારો ગણીને જાળવો. વખત આવ્યે સાસુજીને પ્રસન્ન કરશો તો તેજ તેને પાછા હતા તેવા કરશે: હમણા અકળાયે કાંઈ વળવાનું નથી."

આ પ્રમાણે સખીઓએ ગુણાવળીને ઘણું સમજાવી એટલે ગુણાવળી મોટો નિશાસો મુકીને શાંત થઇ. પછી કુકડાને ઘડીક ખોળામાં, ઘડીક છાતી ઉપર, ઘડીક હાથમાં એમ રાખવા લાગી. શ્વાન ને બિલાડીથી તેનું રક્ષણ કરવા લાગી; અને નવા નવા મેવા, વનફળ અને દાડમની કળીઓ વિગેરે તેની પાસે મુકવા લાગી. કુકડો પણ અચુકચુટકયે તે સર્વ ખાવા લાગ્યો.

પછી ગુણાવળી કુકડાને હાથમાં લઇને સાસુ પાસે ગઇ અને પગે લાગી લાંબો નીશાસો મુકીને બેઠી; એટલે વીરમતી બોલી કે-"આ દુષ્ટને મારી પાસે શા માટે લાવી છું? એને મારી નજરથી દૂર રાખ. તને હજુ એ ચંદ સમાન વહાલો છે; પણ હે વહુ! તને કાંઈ સાન નથી. હજી તો મેં એને તિર્યંચજ કર્યો છે પણ હવે પછી તેના શા હાલ કરૂં છું તે તું જોજે. એણે મારાં છિદ્ર જોયાં છે, તેનું પુરેપુરૂં ફળ બતાવવાની છું. આ મોઢું તો જો! એને રાજ કરવું છે! એના ભાગ્યમાં રાજ્ય છેજ નહીં. માટે તું એને લઈને અહીંથી ઉભી થા. એને પાંજરામાં રાખજે અને ભૂલેચુકે પણ મારી પાસે લાવીશ નહીં." ગુણાવળી તરતજ કુકડાને લઇને ત્યાંથી ઉઠી અને સોનાના પાંજરામાં તેને રાખી તેની સર્વ પ્રકારે આસનાવાસના કરવા લાગી. કંચનના કચોળામાં પાણી પાવા લાગી, મીઠાઇ મેવા ખવરાવવા લાગી, કુંકુમના જળથી તેના પગ ધોવા લાગી, વારંવાર પાંજરામાંથી કાઢી ખોળામાં લેવા લાગી અને કહેવા લાગી કે-"હે સ્વામી! હે પ્રાણજીવન! હે પ્રભુ! હું તમને અર્ધક્ષણ પણ અળગા મુકીશ નહીં, ખોળામાં ને ખોળામાં રાખીશ. તમે પક્ષી થયા તેનું હવે કેમ થશે? એમ શંકા કરશો નહીં. જો સરજીત સારૂં છે તો વળી આપણો ડંકો વાગશે. મોટાને માથે વિપત્તિ પણ મોટીજ આવી પડે છે. ગ્રહણ ચંદ્ર ને સૂર્યનુંજ થાય છે, તારાઓનું થતું નથી. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે નણદીના વીરા ! તમે પ્રભુને સંભારો, મનમાં ખેદ મ કરો." આ પ્રમાણે બોલતી ગુણાવળી કુર્કટરાજને દિલાસો આપે છે. ને પોતાના મનને સમજાવે છે. કુર્કટરાજના પાંજરાને દેરાસરની જેમ પૂજે છે, જરા પોતે દૂર ગઈ હોય, ને કુકડો પાંખો ફફડાવે તો તરત દોડી આવે છે અને તેની સંભાળ લે છે. પાંખો પંપાળે છે, અને તેના ગુણ સંભારી સંભારી મન વાળે છે.

અન્યદા ત્યાં એક મુનિમહારાજ ગોચરી નિમિત્તે પધાર્યા. ગુણાવળીએ ઘણા સત્કાર સાથે ઉત્તમ મોદક વહોરાવ્યા. તે વખતે પાંજરામાં કુકડો જોઇને મુનિ બોલ્યા કે—" આ શું ? આ પંખીએ તમારો શું અન્યાય કર્યો છે કે જેથી તમે તેને પાંજરામાં નાખ્યો છે? તમારા મનમાં તો એ સોનાનું પાંજરૂં હશે, પણ એના મનમાં તો એ કેદખાનું છે, માટે એને છોડી દ્યો. એ હિંસક પ્રાણીને પાળવું તે પણ યોગ્ય નથી. એનું સવારના પહોરમાં મોઢું જોવાથી પણ પાપ લાગે; માટે એમ શા સારૂ કરવું ? " મુનિરાજનાં આવાં વચન સાંભળી ગુણાવળી બોલી કે-" હે મહારાજ ! આ સામાન્ય કુર્કટ નથી. આતો ઘરનો ધણી છે, આભાનો રાજા છે, ને મારા સ્વામી છે. મારી સાસુએ તેમને કુકડા કર્યા છે. એની વાત તો ઘણી છે પણ કેટલી કહું ? મેં પૂર્વ ભવે પાપ કર્યું હશે તેનું ફળ હું પામેલ છું. આ કારણથી એમને પાંજરામાં જાળવી રાખું છું. હે સ્વામી ! આપે તેને સાધારણ કુકડો જાણી મને શિખામણ દીધી તે બરાબર છે પણ આ પંખી તો મારા પ્રાણ સમાન છે."

મુનિ બોલ્યા કે-" હે બાઈ ! આ વાત મારા જાણવામાં નહોતી. મેં સામાન્ય પંખી જાણી તમને કહ્યું હતું. વીરમતીને આમ કરવું ઘટતું નહોતું. ચંદ તો ચંદ્રસમાન હતો. તેની આવી અવસ્થા થવી ન જોઇએ; પણ હે બાઇ ! હવે તું વધારે ખેદ કે રૂદન કરીશ નહીં. તારા શિયળના પ્રભાવથી સૌ સારાં વાના થશે. કર્મની પાસે કોઇનું બળ જોર નથી; કર્મ સૌને સીધા કરી નાખે છે. કર્મ કરે તે કોઈ કરી શકતું નથી માટે હવે તમે વધારે ખેદ ન કરતાં ધારેલું કાર્ય સિદ્ધ થવા માટે વિશેષ ધર્મારાધન કરજો અને એટલી મારી હિતશિક્ષા હૃદયમાં ધારણ કરજો. " આ પ્રમાણે કહી ગુણાવળીને સારી આશા આપી મુનિ ત્યાંથી પોતાને સ્થાનકે ગયા.

હવે ગુણાવળી મુનિરાજના વચનોને સંભારી ધર્મારાધન કરે છે. કુકડાને સંભાળે છે અને પોતાની ભૂલ સાંભરે છે એટલે વળી ખેદને વશ થાય છે. આ પ્રકરણ અહીં સમાપ્ત થાય છે. હજુ આગળ ઘણી જાતના વીતક વીતવાના છે. તિર્યંચપણામાં પણ વીરમતી તેને શાંતિથી રહેવા દેવાની નથી. તે સંબંધી વર્ણન આગળના પ્રકરણમાં વાંચશું. હમણા તો આ પ્રકરણમાંથી સાર શું ગ્રહણ કરવાને છે તેનો વિચાર કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૧૦ માનો સાર.

આ પ્રકરણમાં ખરેખરૂં કર્મનું સ્વરૂપ કર્ત્તાએ ખડું કરી દીધું છે. વીરમતીનું પ્રચંડપણું, ગુણાવળીનું ભોળાપણું, ચંદરાજાને દુષ્કર્મનો ઉદય અને તેને વશ થવાપણું–આ બધું આ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ગુણાવળી સ્ત્રીસ્વભાવવડે પોતાની કલ્પના સાચી હતી તેનો ગર્વ કરવા અને સાસુને મહાત કરવા દોડી દોડી તેની પાસે જાય છે. પરંતુ ઘડીક પછી તેનું પરિણામ શું આવશે તેનો લેશ પણ વિચાર કરતી નથી. સ્ત્રીજાતિ સ્વભાવેજ દીર્ઘ દૃષ્ટિવાળી હોતી નથી. ગુણાવળી ગમે તેટલી ડહી હતી પણ આખરે સ્ત્રી તો ખરી જ. તેથી આગળ પાછળનો વિચાર કર્યા સિવાય જેમ મનમાં આવ્યું તેમ સાસુને કહે છે, અને પ્રથમ અગ્નિ પ્રકટ કરી તેમાં પાછું ઘૃત સિંચે છે. વીરમતી જેવી ક્રૂર અને ઓરમાન સાસુ આને પરિણામે સહન કરીને બેશી રહે એતો સંભવિતજ નહોતું, કારણ કે તેની પાસે અનેક પ્રકારની વિદ્યાઓ હતી. એટલે તેનાવડે અભિમાનમાં આવેલી વીરમતી કૃત્યાકૃત્યનો વિચાર કરે એ કોઇરીતે પણ બની શકેજ નહીં. ગુણાવળીનાં વચનો સાંભળી તે કહે છે કે–'તું ચિંતા મ કર, હું તેનો ઉપાય કરૂં છું.' ગુણાવળી ભોળપણને લીધે એમ સમજે છે કે–'તે મારા પતિને સમજાવી મારી સાથે રીસાય નહીં એમ સમાધાન કરી આપશે.' પણ તેની ધારણા મનની મનમાં જ રહે છે અને કાંઇનું કાંઇ બની જાય છે.

વીરમતી એકદમ ક્રોધના પૂર આવેશમાં આવી જઇ પોતાના અભિમાનનું મર્દન કરનાર પુત્રની પણ હત્યા કરવા તત્પર થાય છે, હાથમાં કરવાળ લઇ તેની પાસે દોડે છે અને ચંદરાજાને અકસ્માત્ જમીનપર પાડી દઇ તેની છાતીપર ચડી બેસે છે. અહીં ભાવીની પ્રબળતા સમજવાની છે. ચંદરાજા ક્ષત્રી છે, યુવાન્ છે, વીરમતીથી ગાંજ્યો જાય તેવો નથી, પરંતુ ભાગ્યદશા વિપરિત હોવાથી તે ભાન ભૂલી જાય છે, ગભરાઇ જાય છે, તેની શક્તિ અવરાઇ જાય છે અને વીરમતી જે કહે છે તે સાંભળ્યા કરે છે, ને જે કરે તે કરવા દેછે. વીરમતીએ ચંદરાજા પ્રત્યે કહેલાં વચનો વીરમતીનું ઉત્કટપણું, અતિ અભિમાનીપણું, અપર માતાપણું તેમજ નિઃસ્નેહીપણું સ્પષ્ટ સૂચવે છે. તે સાથે તેમાં નિર્દયપણાની તો હદજ આવી રહે છે. ચંદરાજા તેનો કશો ઉત્તર આપતા નથી. તે જો ધારે તો વીરમતીને ઉથલાવીને ફેંકી દે એવા શક્તિમાન છે, પરંતુ અહીં વીરમતી એકલી દબાવનાર નથી; તેના પુર્વકૃત અશુભ કર્મ ઉદયમાં આવેલા હોવાથી તે પણ દબાવનારા છે.

વીરમતીના વચનોથી ભયભ્રાંત થયેલી ગુણાવળી પોતાની ઉછાંછળી વૃત્તિનું માઠું પરિણામ એકાએક જોઇ શકે છે, એટલે તે વીરમતીને શાંત કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પ્રકારની વચન રચના વાપરે છે; પરંતુ ક્રૂર વિરમતી પાસે તે સર્વ વ્યર્થ જાય છે. એ તો ચંદરાજાના પ્રાણ લેવાજ તત્પર થાય છે, એટલે પછી ગુણાવળી તેનો હાથ પકડી લઇ આડી પડે છે. તેની આ વખતની આજીજીથી વીરમતીનું હૃદય કાંઈક નરમ થાય છે, પણ તે પોતાના ક્રોધનું પરિણામ તો અત્યંત માઠું લાવ્યા શિવાય રહી શકતી નથી. તે તરતજ એક દોરો મંત્રી ચંદરાજાને પગે બાંધી તેને કુકડો બનાવી દે છે. આ વખતે ગુણાવળી વીરમતીએ હાથમાંથી નીચે મુકેલી તરવાર મ્યાન કરીને છેટી મુકવામાં રોકાય છે અને ચંદરાજા તો વીરમતી શું કરે છે તે અત્યંત મુંઝાઇ ગયેલ હોવાથી જોઇ કે જાણી શકતા જ નથી. એટલે તે શું કરવાથી કુકડો થયા તેના કારણથી બંને અજ્ઞાત રહે છે. કર્મ જ્યારે અંધ બનાવી મુકે છે ત્યારે પ્રાણી છતી આંખે પણ કાંઈ જોઇ શકતા નથી.

પોતાના પતિને કુકડા થયેલા જોઇ ગુણાવળીને કેટલો ખેદ થયો હશે, તેનો વિચાર સુજ્ઞ વાંચકોએજ કરી લેવો. પોતે વાત કરવા જવા માટે કરેલી ઉતાવળનું અને સાસુને ચડાવેલી ચાનકનુંજ આ પરિણામ છે એ હકીકત તેના મનને કેટલો આઘાત કરતી હશે તે વચનદ્વારા કહી શકાય તેમ નથી. ગુણાવળી આ ચમત્કાર જોઇ સ્તબ્ધ તો થઇ જાય છે પણ તરતજ સાવધ થઇ પાછી બાઇજી પાસે કરગરવા લાગે છે અને કોઈ પ્રકારે તે પાછું ચંદરાજાને અસલ રૂપ આપે તો ઠીક એમ આશા રાખે છે. પરંતુ વીરમતી તેની આશારૂપ વેલડીનું પોતાના વચનરૂપ કુઠારવડે એકદમ નીકંદન કરી નાખે છે, અને 'જો તારે કુકડી થવું હોય તોજ હવે વધારે બોલજે' એમ ચોખું કહી દે છે. સાસુજીની ક્રૂરતાનો પ્રગટ અનુભવ થયેલો હોવાથી ગુણાવળી વધારે બોલવાની હિંમત કરી શકતી નથી, અને વીરમતી ત્યાંથી ચાલી જાય છે. તેના ગયા પછી કુકડાને ખોળામાં લઇ ગુણાવળી અનેક પ્રકારની પૂર્વાવસ્થા સંભારી, હમણાની સ્થિતિ સાથે તેનો મુકાબલો કરી કલ્પાંત કરે છે. આ હકીકત દરેક વાંચનારના હૃદયનો ભેદ કરી નાખે તેવી છે. પોતાના પ્રાણથી વહાલા પતિનું એકાએક તિર્યંચ થઇ જવું કઈ પતિવ્રતા સ્ત્રીના હૃદયમાં દાહ ન કરે ? જે પતિ એક ધુરંધર રાજા હતા, તે ક્ષણવારમાં વાચાવગરના અને પાંખો ફફડાવતા પક્ષી થઇ ગયા, તેને દૃષ્ટિએ જોતાં કયું એવું પાષાણ હૃદય હોય કે જે ન દ્રવે ? ગુણાવળી વિલાપ કરતી કરતી મૂર્છાવશ થાય છે. દાસીઓ સાવધ કરે છે અને તેને દીલાસો આપે છે. દાસીઓ અને સખીઓ પ્રવીણ હોવાથી જુદી જુદી રીતે સમજાવે છે; પરંતુ જ્યાં સંસારસુખની આશામાત્ર એક ક્ષણમાં ધુળધાણી થઇ ગયેલી સ્પષ્ટ દેખાતી હોય ત્યાં તે સમજાવવાની અસર કેટલી થાય ? માણસ બીજો કાંઇ ઉપાય દેખતું નથી ત્યારે દૈવની ઉપર દોષ મુકે છે, અને તે રીતે મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળવા–વળાવવા પ્રયત્ન કરે છે. એ વાત પણ ખરી છે કે દુષ્કર્મનો ઉદય થવાનો હોય છે ત્યારે મનુષ્યની બુદ્ધિ એવી થાય છે, આજુબાજુના સંયોગો પણ એવા મળે છે અને પ્રયત્ન પણ તેને અનુસરતોજ કરી શકાય છે. અહીં તો માથે સાસુની ધાક જબરી છે, એટલે બીજું બોલવું કે કરવું કાંઈ પણ કામ આવે તેવું નથી.

ગુણાવળી કાંઇક મન શાંત કરી કુકડાની ખાવા પીવાની સંભાળ લઇ તેને હાથમાં લઇને વીરમતી પાસે જાય છે કે હજી પણ તેને દયા આવે તો ઠીક. પરંતુ તેને તો કુકડાને જોતાંજ દ્વેષ જાગે છે અને તેને દુષ્ટ પાપીષ્ટના ઉપનામો આપી પોતાની દ્રષ્ટિથી દૂર રાખવાનું ફરમાવે છે. તે સાથે 'આટલું કરવાથી બસ થયું નથી, હજુ વધારે કરવાનું બાકીમાં છે' એમ પણ કહી દે છે. કુકડા પ્રત્યે તે પૂરતો તીરસ્કાર બતાવે છે. ગુણાવળી સમય ઓળખી જાય છે અને કુકડાને લઇને તરતજ પોતાના મહેલમાં ચાલી જાય છે. ત્યાં ગયા પછી કુકડાને ઉદ્દેશીને વધારે ખેદ ન કરવા માટે કેટલાક વચનો કહે છે. આ ઉપદેશ ખાસ ગ્રહણ કરવા લાયક છે.

હવે ગુણાવળીને ત્યાં મુનિ વહોરવા આવે છે અને તે પંખીને પાંજરે પૂરવાના અને અસતિ પોષણના બે મહાન્ પાપ–કર્માદાન થતા જોઇ ગુણાવળીને તે સંબંધી ઉપદેશ આપે છે. મુનિ એક સાધારણ કુકડો જાણીને બધું કહે છે, એટલે ગુણાવળી તેનો ખુલાસો કરે છે. પછી મુનિ પણ તેને દીલાસો આપે છે, અને ધર્મ પસાયે સૌ સારાં વાના થઇ રહેશે, એવી સાચી આશા આપે છે. જગત્માં ધર્મજ એક જયવંતો છે. તેનું સતત્ એક દિલથી આરાધન કરનારા કદી પણ દુઃખના ભાજન થતા જ નથી. સહ્ય કે અસહ્ય જે દુઃખ આવી પડે છે તે ધર્મ વિરૂદ્ધ વર્તનનુંજ પરિણામ છે. ચંદરાજાનો પૂર્વભવ આગળ ઉપર કહેવામાં આવશે તે ઉપરથી એ વાત સિદ્ધ થઈ શકે તેમ છે. જગત્માં ધર્મના પ્રભાવને કોઇ રોકી શકે તેમ નથી. જગત્ ધર્મને આધારેજ છે. સુખના સાધનમાત્ર ધર્મના પસાયથી જ પ્રાપ્ત થાય છે અને દુઃખના સાધનો તેમજ દુઃખ અધર્મના પસાયથીજ પ્રાપ્ત થાય છે. એવું કોઇ સુખ નથી કે જે ધર્મથી ન મળે અને એવું કોઈ દુઃખ નથી કે જે અધર્મથી ન મળે. મુનિમહારાજ ધર્મારાધન કરવાની ભલામણ કરી ઉપાશ્રયે પધારે છે અને ગુણાવળી એકલી પડે છે એટલે પાછી તે શોકવશ થાય છે. આટલું આ પ્રકરણનું રહસ્ય છે.

આ પ્રકરણમાં સ્ત્રીની ચપળ, સાહસીક અને રભસ વૃત્તિથી કેટલું તેને પોતાને અને બીજાને શોષવું પડે છે, તેનો પ્રત્યક્ષ ચીતાર આપેલો છે. જો ગુણાવળી ચંદરાજાને આપેલો કુકડો ગળી જાય, સહન કરી જાય અને સાસુને કહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન જાય તો આવું માઠું પરિણામ આવેજ નહીં; પરંતુ જ્યાં ભાવી વિપરીત હોય, ત્યાં સમજુ પણ ભૂલી જાય છે. ગુણાવળી જેવી પ્રવીણ સ્ત્રી પણ પરિણામનો વિચાર કર્યા વગર સાસુ પાસે દોડી જાય છે. તેણે થોડો કાળક્ષેપ કરી વિચાર કર્યો હોત તો તરતજ સમજાત કે આવી અભિમાની, ક્રૂર હૃદયની અને પોતાના પતિપર તદ્દન પ્યારવિનાની ઓરમાન માતા પોતાનાં છીદ્ર પ્રકટ થયાની હકીકત જાણશે તો સારૂં શું કરશે? માઠુંજ કરશે. તેને એમ કરતાં લાજ આવવાની નથી. પણ આ વિચાર ચંદરાજાના તિર્યચપણાને પ્રાપ્ત કરાવનારા દુષ્કર્મે તેના મનમાં આવવાજ દીધો નહીં. વીરમતીએ નિર્દયપણું બતાવવામાં ક્યાશ રાખી નહી. શાસ્ત્રકારે સ્ત્રી જાતિને નિર્દય કહી છે, તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. કારણ પચ્યાવિના જાતિગુણ પ્રકટ થતો નથી. વીરમતીએ બતાવેલો કોપ કાંઇ કૃત્રિમ નહોતો. જો ગુણાવળી આટલું કરગરે નહીં ને આડી પડે નહીં તો તે ચંદરાજાને મારીજ નાખે, પણ હજુ આગળ સારા દિવસ દેખવાના હોવાથી તેમ બન્યું નહીં અને તિર્યંચ કરી દીધો. આ પણ ઓછા દ્વેષની, ક્રોધની કે ઇર્ષાની નિશાની નથી. તિર્યંચ થયો એટલે રહ્યું શું? મનુષ્યપણાનું સુખ માત્ર નાશ પામ્યું. જમીન પર રખડતો ને ઉકરડો સુંઘતો કરી મુકયો. તે અવસ્થામાં તો કુકડાની જાતિને ઉચિત ક્રિયામાંજ પ્રવૃત્તિ થવાનો સંભવ છે. રાજભુવનમાં હોવાથી તેવી ક્રિયામાં તેની પ્રવૃત્તિ ન થાય, પણ જો છૂટો છોડી દેવામાં આવે તો બીજું શું થાય? આવી દુર્દશા કોઇ જીવને પ્રાપ્ત ન થશો.

આ દુર્દશાના દુઃખની સીમા નથી. તેનું વર્ણન ને વિચાર પણ હૃદયવેધક છે, તો તેની પ્રાપ્તિના દુઃખમાં તો પૂછવું જ શું? પરંતુ કર્મને શરમ નથી. તેની પાસે સૌ સરખા છે, તેને કોઇની દરકાર નથી. તેની પાસે સૌ સરલ થઇ જાય છે. જગત્‌ના પ્રાણી માત્ર તેને વશ છે. આ પ્રકરણ આખું હૃદયવેધક બનાવથી અને તેને લગતી હકીકતથી ભરપૂર છે. તેમાંથી સાર માત્ર એજ ગ્રહણ કરવાના છે કે–દીર્ઘદૃષ્ટિ પહોંચાડ્યા શિવાય–પરિણામનો વિચાર કર્યા શિવાય કોઇ કાર્ય કરવું નહીં. અને કર્મના વિપાક અત્યંત કટવા જાણી કર્મ બાંધતાંજ વિચાર કરવો. અશુભ કર્મથી પાછા ઓસરવું. આ બે રહસ્યને જે અંગિકાર કરશે તે આત્મકલ્યાણ મેળવશે અને દુઃખના ભાજન નહીં થાય. આટલું જણાવી આ પ્રકરણનું રહસ્ય સમાપ્ત કરવામાં આવે છે અને હવે પછીના પ્રકરણમાં ચંદરાજાની કુકડાપણાની સ્થિતિનું આગળ વર્ણન કરવામાં આવશે, તે તરફ વાંચનાર બંધુઓના હૃદયનું આકર્ષણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેવાડ મારવાડનાં કેટલાક તીર્થસ્થાનો.

( લખનાર–મૌક્તિક )

( અનુસંધાન પુષ્ટ ૯૬ થી. )

## ઉદેપુર.

ચિતોડ ટ્રેન બદલી ઉદેપુર જવાય છે. એ રેલવે ટ્રેન ચિતોડથી નીકળી ખાસ ઉદેપુર સુધી જવા માટેજ કાઢેલી છે. જેઓ શ્રીનાથજી જવાના હોય છે, તેઓ માવલીને સ્ટેશને ઉતરે છે અને ત્યાંથી વૈષ્ણવધામમાં જાય છે. **શ્રીકેશરી-આજી** જવું હોય તેમણે ઉદેપુર જવાનું છે. ચાલો ! ઉદયસિંહના વસાવેલા આ શહેરમાં આપણે પ્રવેશ કરીએ.

આ શહેરમાં પ્રવેશ કરતાં પહેલાં રેલવે માર્ગે તેના બચાવના બાંધકામ આપણું ધ્યાન પ્રથમ ખેંચે છે. મોટી મોટી ટેકરીઓ અને ટેકરીઓ ઉપર આવેલી પ્રાકારમાળાથી પરિવેષ્ટિત આ શહેર દૂરથીજ રજપૂતોની જાહોજલાલી માટે મનમાં એક પ્રકારની લાગણી ઉત્પન્ન કરે છે. પ્રદેશ આખો રમ્ય હોવા સાથે મેવાડનો ઇતિહાસ એટલો સારી રીતે તેમાં ગોઠવાઇ ગયેલો છે અને તેના ચિન્હો રેલવેની ઉડતી મુસાફરીમાં પણ એવાં સુસ્પષ્ટ દેખાય છે કે ટૉડનું રાજસ્થાન અથવા બીજા કોઇ સારા ઐતિહાસિક ગ્રંથો વાંચનારના મન પર તે ભાવ ઉત્પન્ન કર્યા વગર રહેજ નહિ. ઉદેપુરનું સ્ટેશન શહેરથી બે માઇલ દૂર છે. સ્ટેશન અને શહેરની વચ્ચે એક નાનું ગામ આવે છે, તેમાં ચાર જિનાલય છે તે જરૂર ભેટવા યોગ્ય છે. ઉદેપુરના આગેવાનો તેપર દેખરેખ રાખે છે. આ ચાર પ્રાસાદો અતિ જુના વખતના જણાય છે અને પૂર્વ કાળની જૈનોની સ્થિતિનો ખ્યાલ આપે છે.

ઉદેપુર શહેર ચિતોડ ભાંગ્યા પછી ઉદયસિંહ રાણાએ વસાવ્યું છે. ચિતોડ અને ઉદેપુર વચ્ચેના ડુંગરી ડુંગરીવાળા પ્રદેશમાં રાણા પ્રતાપસિંહ પોતાના વિગ્રહ કાળમાં રખડતા હતા અને પ્રાણ જાય તો પણ રજપૂત ધર્મ ત્યાગ નહિ કરવાના નિયમને વળગી રહ્યા હતા. આ ઉદેપુર શહેર પણ ટેકરીઓની વચ્ચે અને ટેકરીપરજ આવી રહેલું છે. તપગચ્છની રાજધાની અહીં છે. જગચ્ચંદ્ર સૂરિની મૂર્ત્તિ એક દેરાસરમાં વિરાજિત છે. અહીં બત્રીશ જિનપ્રાસાદ છે. કેટલાક જિનચૈત્યો તો બહુ સુંદર છે. ઉદેપુરમાં ખાસ આકર્ષણ કરે તેવો એક પ્રાસાદ પદ્મનાભ પ્રભુનો છે. શ્રેણીક રાજાનો જીવ જે આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થવાનો છે અને જે હાલ નારકીમાં છે તેઓનું નામ પદ્મનાભ પ્રભુ થશે અને તેનું આયુષ્ય દેહમાન વિગેરે લગભગ શ્રી મહાવીર પરમાત્માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુરૂપ થશે, એમની અતિ વિશાળ મૂર્ત્તિ જોતાં હર્ષનાં અશ્રુ આવે છે. દરેક યાત્રાળુએ અહીં ખાસ એક વખત પૂજા–ભાવના–એકાગ્રતા અવશ્ય કરવા યોગ્ય છે. પ્રાસાદ અતિ વિશાળ છે, બાજુમાં બગીચો છે, ફરતો ગઢ છે, બગીચાની સંભાળ બરાબર રહેતી નથી. એ પ્રભુની યોગ્ય સામગ્રીસહિત આંગી રચીં સામે બેસી ચેતનજીને સંભારવામાં આવે છે, ત્યારે વીર પ્રભુના ભક્તરાજની અનેક વાતો હૃદયપર એવી અસર કરેછે કે થોડો વખત આ સ્થૂલ સૃષ્ટિ અને તેના સંયોગો ભૂલી જઈ અઢી હજાર વરસ પહેલાની સૃષ્ટિમાં આંદોલન કરાય છે અને તે વખતે બીજી એવી લાગણીઓ થાય છે કે જેનું વર્ણન થઇ શકે નહિ, પરંતુ સહૃદય માણસો અનુભવથીજ તેને સમજી શકે. આ પવિત્ર જગોની શાંતિ, ભવ્યતા અને ચિત્તાકર્ષકતા બહુ પ્રમોદ ઉપજાવે તેવી છે. શહેરની બહારના ભાગમાં શ્વેતાંબર બંધુઓએ હાલમાં એક નવીન ધર્મશાળા બંધાવી છે, જેથી યાત્રાળુઓની સગવડમાં બહુ વધારો થયો છે. એ ધર્મશાળાથી સદરહુ પ્રાસાદ પાંચ મિનિટને રસ્તે છે. દરેક યાત્રાળુએ આ પ્રાસાદની જરૂર ભેટ લેવી.

શહેરમાં અને શહેરની બહાર બત્રીશ પ્રાસાદો છે, તેમાં કેટલાક બહુ વિસ્તીર્ણ અને સુંદર છે. સવારના દશ વાગે પટ્ટ મંગળ કરે છે ( મંદિર બંધ કરે છે ), તેથી સવારના જલદી ઉઠી નિત્ય કર્મ કરી લઇ મંદિર દર્શનાર્થે જવું અને સાથે એક માર્ગદર્શક ભોમીયો રાખવો, કારણ પ્રાસાદ છુટા છુટા આવી રહેલા છે. અગાઉ ફુલચંદજીના બગીચામાં લોકો ઉતરતા હતા, પરંતુ તે કરતા આ નવીન ધર્મશાળામાં ઉતરવું વિશેષ અનુકૂળ છે.

ઉદેપુર શહેર મોટું છે. વ્યાપાર પણ ઘણો છે, જોઇએ તે વસ્તુ મળી શકે છે. શ્વેતાંબર સંપ્રદાયની વસ્તી પણ સારી છે અને તેઓ શ્રી કેશરીઆજીના કામકાજ પર દેખરેખ રાખે છે, જેના ઉપર હવે પછી વિવેચન થશે. શહેરમાં રાજ્યમહેલ અને જળ મંદિર જોવાલાયક છે. જળ મંદિર એક મોટા તળાવની વચ્ચે આવેલ સુજનસિંહ રાણાનો બંધાવેલો પ્રાસાદ છે. તળાવને એક મોટી નદી મળે છે, જેથી વરસો સુધી પાણીની અગવડ ન પડે એવી તેની ગોઠવણ છે. એ જળમંદિર જોવા હોડીમાં બેસીને જઈ શકાય છે. જેમને નવીન વસ્તુઓ જોવાનો શોખ હોય તેમણે આ રચના જરૂર જોવાલાયક છે. બપોરના સખ્ત સૂર્યના તડકાનું પ્રતિબિંબ જળ પર પડે છે, ત્યારે તે એક જાતની ગમત આપે છે. શહેરની અંદર તથા રાજમહેલ જતાં ચડવા પડતા ડુંગર જેવાં પગથીઆં બતાવી આપે છે કે શહેર ટેકરી ઉપર અને ટેકરીની ગાળીમાં વસેલું છે.

ઉદેપુરની ફરતો ગઢ છે, ગઢ ફરતી ખાઇ છે અને બચાવ કામ જીર્ણ સ્થિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિમાં છતાં હજુ સુધી પુરાણી વસ્તુ તરીકે ધ્યાન ખેંચે છે. સંગ્રહસ્થાન સામા પ્રકારનું છે, લાઈબ્રેરી પણ સાધારણ છે. કોઈ દાનવીર યાત્રાળુ ધર્મશાળા સ એક લાઈબ્રેરી કરે તો તે વિચાર સારો છે. કેશરીઆજી જતા આવતા ત્યાંથી લીધે પુસ્તક વાંચી લેવાય અને પુસ્તકની કિંમતના પ્રમાણમાં ડીપોઝીટ લઈને પુસ્ આપવામાં આવે તો પુસ્તક પાછું આવવામાં શંકા રહે નહિ.

## કેશરીઆજી, ધુળેવા.

ઉદેપુરથી કેશરીઆજી જવા માટે ગાડાં બંધાય છે. કેશરીઆજી સુધ એ ઘોડાના ટાંગા પણ જાય છે. ટાંગા જતી વખત ઘણુંખરૂં તેજ દિવ સાંજે પહોંચાડે છે અને આવતી વખત એક રાત રસ્તે કરવી પડે છે અને ગાડાંમાં તો જરૂર જતાં આવતાં એક રાત રસ્તામાં થાય છે. બારાપાલ ટીંબા અને પરસાદ એ ત્રણ ગામો રસ્તામાં આવે છે, તેમાં પરસાદમાં એ જાહેર ધર્મશાળા સારી છે. બારાપાલ તથા ટીંબામાં રાત રહેવાની જરા પ યોગ્ય સગવડ નથી. બારાપાલમાં ઉદેપુરના શ્રી સંઘ તરફથી ગોદડા માટે સ વડ હાલમાં કરવામાં આવી છે. બનતા સુધી દરેક યાત્રાળુએ પોતાની સાથે પૂ બેડીંગ રાખવું. ઉદેપુરથી કેશરીઆજી ૪૨ માઈલ દૂર થાય છે. ઉદેપુરથી કે રીઆજીનો આખો રસ્તો ડુંગરી ટેકરીવાળો છે. ઘણા ઢાળો ચડવા ઉતરવા પ છે. રજપૂતોએ પોતાના બચાવની જગો કેવી શોધી કાઢી છે તે ખાસ જો જેવું છે. એક ડુંગરીની ખીણમાંથી બીજીમાં પ્રવેશ કરતાં કુદરતના અવન દેખાવો નજરે પડે છે. ઉદેપુરથી કેશરીઆજી જતાં આઠ ચોકી આવે છે, દ ચોકીએ બાર બાર ગંડા ( લગભગ બે આના ) આપવા પડે છે અને પરસાદ ચોકીએ ચોવીશ ગંડા પ્રત્યેક ગાડી અથવા ટાંગા પ્રમાણે આપવા પડે છે. ચોકી દારો યાત્રાળુને કોઈ પણ પ્રકારનું ચોરી કે ધાડનું નુકશાન થાય તો તેને મ જવાબદાર રહે છે. સાંજના ચાર સાડાચાર વાગ્યા પછી આગળ ચાલવા દે નથી. તેઓ તદ્દન અભણ હોવાને લીધે બે આનાના તેરથી ચોદ ગંડા થાય છ તે લેવા ખુશી હોતા નથી પણ ઉદેપુરી પૈસા લેવા રાજી રહે છે, તેથી દરેક યાત્રાળુ ગાડી દીઠ પાંચ રૂપિયાના ઉદેપુરી પૈસા સાથે રાખી લેવા. પાછા ફરતી વખ આઠને બદલે નવ ચોકી આપવી પડે છે. વધારામાં એક ચોકી ગામ ધુળેવામાં અને ત્યાં પણ બાર ગંડા આપવા પડે છે. ઉદેપુર સવારે જલદી સેવા પૂ કરી નીકળવાનું બની આવે તો તેજ દિવસે વખતસર બારાપાલ ગાડામાં પહોંચ શકાય છે, જ્યાં રાત રહેવાનું થાય છે. શિયાળાની ઋતુમાં અહીં ઠંડી વિશે પડે છે. તેથી ઉપર જણાવ્યું તે પ્રમાણે પોતાની સાથે ગરમ પહેરવા ઓઢવા કપડા વિશેષ પ્રમાણમાં રાખવાની જરૂર છે. બીજે દિવસે સવારે વહેલા ઉઠી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલવાથી તેજ સાંજે શ્રી ધુળેવા પહોંચી શકાય છે. પ્રમાદ કરવાથી અથવા ગાડાવાળાની સલાહ પ્રમાણે ચાલવાથી પરસાદમાં બીજી રાત કરવી પડે છે, જેમ કરવા જરૂર નથી. જેઓ ટાંગામાં જાય છે તેઓને તો જતી વખત રસ્તે રાત રહેવું પડતું જ નથી.

પરસાદ ગામથી એક વિચિત્ર પ્રકારની ઉપાધિ શરૂ થાય છે. કેશરીઆ-જીમાં કેટલાક પંડયાઓ છે, તેઓ મોટા મોટા ચોપડા રાખે છે અને યાત્રા કરવા આવનારના કુળમાંથી અગાઉ કોઈ આવી ગયેલ હોય તો તેના પૂજારી પોતે થવાનો દાવો કરે છે. તેટલા સારૂ જૂદી જૂદી અનુક્રમણિકાઓ કરી ચોપ-ડામાં ખાતાં પાડી રાખે છે અને પરસાદથી તમને જે માણસો મળશે તે તુરત જ એ પ્રશ્ન કરશે કે 'શેઠ! કયે ગામ રહેવું?' કેશરીઆજી ગયા પછી પણ આ કંટાળો ચાલુજ રહે છે. પંડયાઓ કોઇપણ પ્રકારે ખાસ ઉપયોગી નથી, ક્રિયાની કોઈપણ વિધિ ખાસ જાણનાર નથી અને શ્રીનાથજી જેવી જગોએ શ્રાદ્ધ કરવાનું હોય છે તેને લઇને આ રીતિને તેઓ ગ્રહણ કરી રહ્યા હોય એમ લાગે છે. પાલીતાણાના ભાટ અને આ પંડયાઓમાં વિશેષ તફાવત નથી, માત્ર આ પંડ્યાઓને શ્રીકેશરીઆજી મહારાજના ચમત્કાર ઉપર ખાસ શ્રદ્ધા જોવામાં આવે છે. સાધારણ રીતે આ પંડયાઓ કોઈપણ પ્રકારના ઉત્તેજનને યોગ્ય નથી. તેઓના આઠ કુટુંબો પૈકી એક ઘર વારા ફરતી પખાળ પૂજા શ્રીકેશરીઆજીની કરે છે. યાત્રાળુને તેઓ કોઇપણ પ્રકારની ખાસ અનુકૂળતા કરી આપતા નથી. ધુળેવા નગરમાં વિશાળ ધર્મશાળા છે, ઠામ ગોદડાની પૂરતી સગવડ છે. અને કાંઇપણ ભાડું લીધા વગર તે સર્વ યાત્રાળુઓને જોઇતા આપવામાં આવે છે. કોઇ મોટા મહોત્સવ પ્રસંગે ધર્મશાળામાં જગો ન હોય અને કોઇ પંડયાના ઘરમાં ઉતરવું પડે તો તેઓ મોટું ભાડું લઇનેજ જગા આપે છે.

પરસાદથી શરૂ થતી આ પીડાને તીર્થસ્થાનની એક આગન્તુક ઉપાધિ ગણી તેને હવે બાજુ પર મૂકીએ. પરસાદથી આગળ વધતાં બહુ ડુંગરા ડુંગરી અને મોટા ઢાળો ઉતરવાના આવે છે. પ્રદેશ બહુ રમણીક છે. હજારો માણ-સોનું લશ્કર એક એક ગાળીમાં રહી શકે તેવી જગ્યા છે. છતાં ઉદેપુરના રાણાનો એટલો સખત કોફ વર્તે છે કે યાત્રાળુને ભિલ લોકો તરફથી કે બીજા અન્ય તરફથી કોઇ પણ પ્રકારનો ભય નથી. આવા નિર્જન જંગલ અને ડુંગરોમાં સોનું ઉછાળતા ચાલ્યા જાઓ તો પણ એક બાલને નુકશાન કરનાર કોઇ આવી શકે તેમ નથી. એક પછી એક ડુંગરો છોડી દેતાં પ્રતાપરાણાની અને શિવાજીની ઐતિહાસિક હકીકત હૃદયપર અસર કરે છે અને બીજું આજ રસ્તેથી આપણા અનેક પૂર્વજો અને પૂર્વ પુરૂષો શ્રી આદિનાથને ભેટવા આવી ગયા હશે (છે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વિચારથી મનમાં એક અભિનવ પ્રકારની અસર થાય છે, આવા ડુંગરા ડુંગરીના પ્રદેશોમાં આગળ વધતાં વધતાં જિજ્ઞાસા એટલી લંબાય છે કે હજુ કેશરીઆજીના ભવ્ય શિખરો તો નજરે પણ પડતા નથી ત્યારે તે કેટલું દૂર હશે ? તેવા ખ્યાલમાં થોડા આગળ વધીએ તેવામાં તો આપણે એકદમ ધુળેવા ગામના કિલ્લાની નજીક આવી જઇએ છીએ. અનેક ડુંગરાઓ અને ડુંગરી ચઢયા ઉતર્યા. પછી જયારે એકદમ ધુળેવા ગામ નજરે પડે છે ત્યારે મનમાં અતિશય આનંદ થાય છે. એક નાની ટેકરી પર એ ગામ વસેલું છે, અને તેમાં પંડ્યા વિગેરેના ઘરો છે. ધર્મશાળા સારી છે, પણ જ્યારે યાત્રાળુઓ સારી સંખ્યામાં હોય છે ત્યારે તદ્દન ભરાયલી રહે છે. આસોથી ફાગણના અંત સુધી યાત્રાળુઓ બહુ મોટી સંખ્યામાં દરરોજ આવ્યા કરે છે. ઈડર ખેરવાડાની છાવણીને રસ્તેથી પણ અહીં અવાય છે. તે રસ્તો પણ ઘણો ડુંગરા ડુંગરીવાળો અને લાંબો છે.

કેશરીઆજીના જાગતા તીર્થના દર્શન કરવાની જે ઇચ્છા ઘણા વખતથી મનમાં થયેલી હોય છે તે જરા કષ્ટ વેઠવાથી આવી રીતે તૃપ્ત થાય છે. કેશરીઆજી મહારાજનું મંદિર મોટા દરબાર જેવું છે, પ્રથમ બહારની ભમતીમાં એક અમીઝરા પાર્શ્વનાથના મોટા બિંબ છે. બીજી ભમતીમાં અનેક જિનબિંબો છે, તેના લેખો વાંચતાં ઘણાખરા શ્વેતાંબર આમ્નાયના હોય એમ જણાય છે. પણ ચક્ષુ, ટીલા ચઢતા નથી. ખુદ આદિનાથની મૂર્ત્તિ અતિ ભવ્ય, આકર્ષક અને મોહક છે. એમની પાસે ઉભા રહ્યા પછી ઘણા વખત સુધી ત્યાંથી દૂર ખસવાની ઇચ્છા થતી નથી. જ્યારે દૂધની પખાળ થાય છે ત્યારે શરીરના અવયવો બરોબર દેખાય છે. તે વખતે કંદોરા વિગેરે શ્વેતાંબર આમ્નાયના ચિન્હો સ્પષ્ટ દેખાય છે. રાત્રે આરતી ઉતરે છે, ત્યારે ચક્ષુમાં જે પ્રભાવિક તેજસ્વીતા દેખાય છે તે રત્નના ચક્ષુને પણ બાજુએ મૂકે તેવી છે, અને તે કારણને લઇનેજ દેરાસર વિગેરે સર્વ બાબતની માલિકી અને વ્યવસ્થા શ્રી જૈન શ્વેતાંબર સંઘની હોવા છતાં અધિષ્ઠાયક દેવોના આદેશથી ત્યાં ચક્ષુ ચઢતા નથી એમ કહેવામાં આવે છે.

પ્રક્ષાલન તથા પૂજનનો વખત નિયત કરેલો છે. તે વખત પછી ગમે તેવો ગૃહસ્થ કે અમલદાર આવે પણ ફરી વાર પખાળ થતી નથી. મોટા તીર્થ પર આ રીતિ અનુકરણ કરવા યોગ્ય લાગે છે. શ્રી આદિનાથના બિંબ પર કેશર એટલું બધું ચડાવવામાં આવે છે કે કાંઇક તેની ગરમીને લીધે અને કાંઇક બિંબ અતિ પુરાણા હોવાને લીધે પગના ભાગમાં જિર્ણ થઇ ગયા જણાય છે. આ કારણથી તેના ઉપર વિશેષ આઘાત ન થવાની અને વિશુદ્ધ પદાર્થોથી લેપ થવાની જરૂર છે.

લૌકિક માન્યતા આ તીર્થના સંબંધમાં બહુ અજબ જેવી છે અને નાસ્તિક માણસને પણ ઘણી વખત ચોંકાવે એવા બનાવો પ્રત્યક્ષ કરે તેવી છે. માન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાઓ એવા એવા જૈન તથા જૈનેતર લોકો તરફથી ચાલે છે કે તેના વિચારથી મનમાં એક નવિન પ્રકારનોજ ખ્યાલ આવે છે. વરસ દિવસમાં હજારો રૂપિયાનું કેશર ચઢે છે. કેટલાકો પોતાની અને પોતાના પુત્રની ભારોભાર કેશર ચઢાવે છે, ભીલ જેવા લોકો પણ બહુ આસ્થાની નજરથી જુએ છે અને પૂજન કરવા પણ આવે છે. ભીલ લોકો હમેશાં ખેતી કરીને નિર્વાહ કરે છે અને કોઇ કોઈ ધાડ ચોરી પણ કરે છે, પરંતુ યાત્રાળુને તેઓ કદિ હેરાન કરતા નથી. **દાદા** ( કેશરીઆજી આદિનાથ ભગવાન્ દાદાના નામથી તે પ્રદેશમાં ઓળખાય છે ) ઉપર તેઓને એટલી આસ્થા છે કે તેની સેવા કરવા આવનાર તરફ તેઓ ગેરવાજબી રીતે વર્તે તો તેઓનું નિકંદન થઇ જાય એમ તેઓ અંતઃકરણપૂર્વક માને છે. એક બે સાધારણ લાગતા બનાવે આ બાબતમાં અમને પણ દૃઢ પ્રતીતિ આપી. વાત એમ થઇ કે ટાંગામાં જતાં પરસાદ ગામે જરા મોડું થયું. આગળની ચોકી આવતાં સાંજ પડી ગઇ. જ્યારે બહુ સમજાવ્યા ત્યારે ચોકીવાળાએ અમને સાથે બે માણસ મોકલી આગળ વધવાની રજા આપી. રસ્તો ઘણો વિકટ, અંધારી રાત અને અજાણ્યો પ્રદેશ એટલે કાંઈક વાતચીત કરી મનમાંનો ભય દૂર કરવાની જરૂર એવે પ્રસંગે રહે છે. અમે પેલા ચોકીવાળાને પૂછ્યું કે 'અત્યારે સો ભીલો ચડી આવે તો તું શું કરે ?' તે કહેવા લાગ્યો કે ' દાદો બેઠા છે ત્યાંસુધી કોનો ભો છે ? ' પછી અગાઉ કોઇ અણસમજુ ભિલોએ યાત્રાળુને હેરાન કર્યા હતા તેનાપર દાદાનો કેવો કોપ ઉતર્યો હતો તેની તેણે વાત કરી. એ વાત દરમ્યાન તેની સરળતા, આસ્થા અને જ્યારે જ્યારે દાદાનું નામ આવે ત્યારે ત્યારે તેનામાં જણાતું એક પ્રકારનું શૌર્ય જરા અવલોકન કરવા જેવું હતું. આવીજ રીતે સદાશિવ ભાઉએ ધુળેવા ઉપર ચઢાઇ કરી તે વખતે તેને કેવી કેવી આગાહી થઇ હતી અને છેવટે તેના લશ્કરને કેવી પીડા થઇ હતી એ સર્વ હકીકત જ્યારે મુળચંદ ઠાકોર ( ભોજક ) ના વારસ પાસેથી સાંભળી ત્યારે તેની વાત કરવાની શૈલી અને દાદાના નામ સાથે જોડાયેલો પ્રભાવ અને ઉત્સાહ આનંદ ઉપજાવે તેવા હતા. એક ત્રીજી વાત એમ બની કે ત્યાંની એક ગરીબ નાલડી હાથમાં ઢોલકી લઈ લાવણી ગાવા ઉતારે આવી. એણે એના જૂના રાગમાં એટલા ઉત્સાહથી ધુળેવાનાથના પ્રભાવની લાવણીઓ ગાઇ અને ગાવા દરમ્યાન એનું હૃદય એટલા ઉછાળા મારતું હતું કે આવા સામાન્ય અશિક્ષિત વર્ગની પણ કેશરીઆજી ઉપરની આસ્થા જોઇ મનમાં આશ્ચર્ય થયું.

પૂજા અને કેશરની વાત કરતાં કરતાં આપણે બીજી વાત ઉપર ઉતરી ગયા. તે ઉપરથી કેશરીઆજી મહારાજ સંબંધી લોકોની આસ્થા કેવી છે તે જણાયું હશે. જેઓએ કેશરીઆજીની યાત્રા કરી હશે તેઓને આ બાબત એકદમ ખ્યાલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા વગર રહે તેમ નથી. કેશર એટલા મોટા પ્રમાણમાં અને એવી રીતે ચઢાવવામાં આવે છે કે એ સંબંધી ઘણું કહેવા યોગ્ય છે, પણ મોહ રાજાનું જોર અને લોકોત્તર મિથ્યાત્વની સાથે જ્યારે સ્વાર્થની એકાકાર વૃત્તિ થાય ત્યારે દલીલ કે સમજણને સ્થાન મળવાનો સંભવ નથી. આથી એવું બને છે કે જેઓનો વિચાર સાધારણ રીતે નિત્ય નિયમ પ્રમાણે પૂજન કરવાનો હોય તેઓ પણ વાટકીમાં કેશર લઇને જાય તો નાસિપાસ થાય છે, કારણકે કેશર ચઢાવવા કરતાં હાથમાં પાછું વધારે આવે છે. આવે પ્રસંગે તેઓએ પણ વધારે પ્રમાણમાં કેશર ચઢાવવાની રીતિનું માનતા ખાતર નહિ પણ ક્ષેત્રબળને લીધે અનુકરણ કરવું પડે છે.

યાત્રાળુઓની ધમાધમ અહીં બહુ રહે છે. કેશરીઆજી મહારાજના દ્વાર દિવસ અને રાત ખુલ્લાજ રહે છે. મુળચંદ ઠાકોરના વંશ વારસો અહીં સવારે, રાતે તથા મોડીરાતે ભાવના-ગાયન મુજરા કરે છે. દેરાસરમાં નિરાંતે બેસી પ્રભુ પાસે ધ્યાન કરવું હોય તો બપોરનો વખત વધારે અનુકૂળ છે. રાતે નવ વાગ્યા પછી દારોગાની રજા સિવાય મંદિરમાં કોઇને જવા દેવામાં આવતા નથી, તે વખતે એકાદ વખત જઇ ગીત વાદ્ય સાંભળવા યોગ્ય છે, જોકે મોડી રાતે જિનાલયમાં જવું એ જૈન રીતિને યોગ્ય તો લાગતું નથી.

સાંજે બે ઘડી રાત ગયા પછી ભાવના કરવામાં આવે છે તે પ્રસંગે પણ ઠીક આનંદ થાય છે. તે પહેલાં આરતિ ઉતરે છે, તે વખતે પ્રભુના ચક્ષુનું તેજ અવલોકવા લાયક છે.

યાત્રાળુઓ માટે અહીં ઘણા પ્રકારની સગવડ છે. વાસણ તથા ગોદડાં મોટી સંખ્યામાં રાખવામાં આવે છે, પૂજા કરવા માટે ન્હાવા ગરમ પાણી થાય છે, ધર્મશાળામાં જગો ખાલી હોય છે, ત્યાં સુધી કોઇપણ પ્રકારની અગવડ વગર ઓરડી ઓરડાઓ યાત્રાળુઓને આપવામાં આવે છે અને તે સંબંધી કાંઇ ચાર્જ લેવામાં આવતો નથી. મોદીની દુકાન અહીં એકજ છે, તેથી ગાડાંમાં જનારે ઉદેપુરથી જોઇતું સીધું સામાન લઇ લેવું. રાણા તરફથી ઠેકો (Licence) આપવામાં આવતો હોવાથી મોદીની દુકાન વિશેષ ઉઘડાવી શકાય તેમ નથી. પખાળ પૂજા વિગેરે મુકરર ટાઇમે થતા હોવાથી નકામો કાળક્ષેપ થતો નથી. અને નિયમસર કામ કરનારને નાસીપાસી પણ થતી નથી. કેશર વિગેરે પૂજાનો જે સામાન જોઇએ તે કારખાને પૈસા આપવાથી મળી શકે છે.

કેશરીઆજી મહારાજનો મોટો દરબાર છે. તેમના ચરણ ભેટવાને જૈનકોમના નહિ એવા અનેક મનુષ્યો આવે છે. ગમે તે જ્ઞાતિ કે વર્ણના માણસોને દર્શન કે પૂજનનો પ્રતિબંધ નથી. ઘણી વખત આપણે ભીલ લોકોને પૂજા કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ છીએ. અહીં કેટલાક રિવાજ એવા જોવામાં આવ્યા છે, કે જૈનરીતિ અનુસાર તેનો ખુલાસો થઇ શકતો નથી. રાતના આઠ વાગે આરતી ઉતર્યા પછી આંગી ઉતારવામાં આવે છે, અને તે વખતે પૂજારી પુલની આંગી રચે છે, અને કેશરથી પૂજા કરે છે. વસંતઋતુમાં ગુલાલ ભરે છે અને આ કાર્યમાં લગભગ એક કલાક લેછે. આ રીતિ તદ્દન નવીન પ્રકારની છે. આંગી વધારે વખત રહે તો મૂળનાયકજીના શરીરમાંથી કચોળા ભરીભરીને અમી ઝરવા માંડે છે, તેથી આ પ્રમાણે દાદાના હુકમથી કરવામાં આવે છે એમ ખુલાસો કરવામાં આવે છે. રાતે નવ વાગ્યા પછી ગાંધર્વો ગાવા બેસે છે, તે છેક બાર વાગ્યા સુધી તે પ્રમાણે કરે છે. રાત્રિના દેરાસર મંગલિક કરવામાં આવતું નથી. કેશર ચઢાવવામાં વિવેક બહુ ઓછો રહે છે. મંદિરમાં એક બાવો હનુમાનની મૂર્ત્તિ પાસે બેસી દેવીઓના મંત્રો બોલે છે, જાપ કરે છે અને શરીરે રાખ ચોળે છે. આ દેખાવ જૈનમંદિરમાં અન્યત્ર કોઈપણ જગોએ જોવામાં આવ્યો નથી. તેમજ આનું કારણ પણ સમજાણું નથી. મંદિરમાં દ્રવ્યની પુષ્કળ આવક છતાં રીપેરનું કામ ચાલતું નથી. જમીનના આરસો જુના કાળના અને વચ્ચે ફાટેલા છે, તેને બદલે નવીન આરસ બંધાવનાર તૈયાર છે, પણ દાદાનો હુકમ નથી એવો જવાબ આપી તે કાર્ય કરવા દેવામાં આવતું નથી. પૂજા તથા પખાળના રૂપિયા પંડ્યાને જાય છે, દેરાસરમાં જે રોકડ નાણું મૂકવામાં આવે તેપણ પંડ્યાને જાય છે. ભંડારમાં જે રકમ લખાવવામાં આવે તેમાંથી પાંત્રીશ ટકા પંડયાઓને મળે છે. આ સર્વ લાગાઓ શા કારણથી કરવામાં આવ્યા છે. તેનો સ્પષ્ટ ખ્યાલ કોઈ આપી શકતું નથી.

અહીંનો સર્વ કારભાર ઉદેપુર રાજ્ય તરફથી નિમાયેલી મેનેજીંગ કમીટી કરે છે. તેના સર્વ મેંબરો શ્વેતાંબર જૈન છે, પરંતુ પ્રમુખસ્થાને એક વૈષ્ણવ ગૃહસ્થ છે. તેઓ સારી લાગણીવાળા છે છતાં જૈન તીર્થના વહીવટમાં વૈષ્ણવની હાજરી જરા વિરોધાભાસ જેવી જણાય છે. દિગંબર બંધુઓએ આ વહિવટમાં ભાગ લેવા ઘણા પ્રયત્ન અત્યાર સુધી કર્યા એમ સાંભળ્યું પરંતુ તેમાં તેઓ ફાવી શક્યા નથી. ઉદેપુરનો શ્રી સંઘ અને ખાસ કમીટિના મેંબરો કેશરીઆજી મહારાજના વહિવટના સંબંધમાં અને યાત્રાળુની બાબતમાં બનતું ધ્યાન આપી જૈન કોમ ઉપર ઉપકાર કરે છે.

કેશરીઆજી મહારાજના સંબંધમાં અનેક દંતકથાઓ ચાલે છે. સદાશિવરાવની ચઢાઇની હકીકત ખાસ સાંભળવા લાયક છે. તે ઉપરાંત પાંચ હજાર વર્ષથી મૂળનાયકજી શ્રી આદિનાથની મૂર્ત્તિએ કેવા કેવા ચમત્કારો કર્યા છે તેનો આબાદ વૃત્તાંત સાંભળવામાં બહુ રસ પડે છે. અત્યારે પણ એ તીર્થના અધિષ્ઠાયક દેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગ્રત છે, એમ ઘણી બાબતના અનુભવીઓ ત્યાં રહેતા હોવાથી કહી શકે છે.

ધર્મશાળાથી પા માઇલ દૂર દાદાના પગલા છે. ત્યાં પણ સુંદર ઓટલો બનાવી બહુ શોભા કરી છે. તે જગાની રમણીયતા એવી સુંદર છે કે ત્યાં પ્રભાત અથવા સાયંકાળના વખતે થોડો વખત બેસવામાં આવે તો બહુ સ્થિરતા થાય તેમ છે. દરેક યાત્રાળુએ આ પાદુકાજીના દર્શન પૂજન માટે જરૂર જવું. અહીંથી પાછા આવતાં સ્પષ્ટ દેખાય છે કે કેશરીઆજી મહારાજનું મંદિર અને આખું ધુળેવા ગામ એક ટેકરી ઉપર ઉદેપુરની માફક આવી રહેલ છે.

કેશરીઆજી આવવા જવામાં કેટલીક મુશ્કેલી સાધારણ રીતે પડે છે. કારણકે આપણને રેલવેની મુસાફરી કરવાની ટેવ પડેલી હોવાથી આવા સ્થાનમાં ગાડામાં જતાં જરા અગવડ જણાય એ સ્વાભાવિક છે. આને લીધે કેશરીઆજી જઇને ત્યાંથી તુરત વિદાય ન થઈ જતાં સ્થિરતાના પ્રમાણમાં પાંચ સાત દિવસ ત્યાં રહેવું. ત્યાં રહેવામાં કોઈ પ્રકારની અગવડ પડે તેમ નથી. નિયમસર વ્રત જપ પૂજન કરવામાં આવે તો વખત બહુ સારી રીતે પસાર થઈ જાય છે અને ત્યાં જે વખત ગાળવામાં આવે છે તેમાં તે વખતે બહુ આનંદ થાય છે, એટલુંજ નહિ પણ પાછા વ્યવસાયમાં જોડાયા પછી પણ જ્યારે જ્યારે ત્યાંનો આનંદ યાદ આવે છે ત્યારે ત્યારે મનમાં એક પ્રકારની તેની મીઠાશ આવે છે. જેને ધ્યાન યોગ સાધવાની ઈચ્છા હોય તેને માટે બપોરનો વખત બહુ અનુકૂળ છે. ખુદ મૂળ-નાયકજીના બિંબ એટલા સુંદર છે કે ત્રાટકાદિ પ્રયોગદ્વારા એક વખત તેમની મૂર્ત્તિને હૃદયમાં સ્થાન આપવામાં આવે તો તેને જીવનપર્યંત ભૂલી શકાય તેમ નથી. સુંદર શ્યામ વર્ણ, નાસિકા, કર્ણ અને ચક્ષુનું સરખું માપ, હડપચીનો સુંદર ઢોળાવ અને મસ્તકની ભવ્યતા બહુ સારી રીતે ન ભૂલાય તેવી અ-સર હૃદયપર કરે છે. એ તીર્થનું વર્ણન કરવાનું મૂકી દઈ ધુળેવા ગામ છોડી દેવાનું પણ મન થતું નથી. માત્ર પંડ્યાઓની નકામી ખટપટ અને અજ્ઞાનતાને લીધે ઉપર જણાવેલી કેટલીક ગેરરીતિઓને બાદ કરીએ તો એકંદર રીતે આ તીર્થ જરૂર જોવા લાયક અને સેવવા લાયક છે. આવી જગોએ સ્થિરતાથી રહે-વામાં અનેક સત્પુરૂષોનો સમાગમ પણ થાય છે અને કોઇ વખત તેથી આત્માને અમૂલ્ય લાભ થઇ જાય છે. હવે આપણે ઉદેપુર તરફ પાછા વળીએ. રસ્તામાં ચોકીઓ ચુકવવાનો અને ઢાળ ચડવા ઉતરવાનો ક્રમ પાછો પ્રાપ્ત થાય છે, કુદ-રતની લીલા અનુભવાય છે અને કેશરીઆજી મહારાજના દરબારમાં જે આનંદ લીધો હોય તેનું સ્મરણ થાય છે. આ પ્રમાણે મુસાફરી કરતાં કરતાં ઉદેપુર પાછા આવી પહોંચીયે છીએ. દૂરથી ટેકરી ઉપર આવી રહેલું સુંદર શહેર દેખાય છે, ત્યારે મુસાફરીનો છેડો આવ્યો એમ મનમાં વિચાર થાય છે. ગાડામાં મુસાફરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારે સવારે પૂજા સેવા કરી નવ વાગામાં નીકળી જવાથી ટીંબામાં રાત રહે-વાશે અને બીજે દિવસે સાંજે ઉદેપુર પહોંચી જવાશે. ઘોડાગાડીમાં બેસનાર તો બપોરે ત્રણ વાગે નીકળી પરસાદ રાત રહી બીજે દિવસે ત્રણ ચાર વાગે બપોરે ઉદેપુર પહોંચી જાય છે. આવતી વખત ઢાળ ચઢવાના વધારે હોવાથી બહુધા ઘોડાની મુસાફરી કરનારને પણ એક રાત રસ્તે કરવી પડે છે. પરસાદની ધર્મ-શાળા સારી છે, તેથી ખાસ અગવડ પડતી નથી. ઉદેપુર જે ગાડા કે ગાડી બંધાય છે, તે જતા આવતાનાંજ બંધાય છે. વળતી વખત ઉદેપુરમાં કાંઇ દર્શન બાકી રહ્યા હોય તો કરી લેવા. ત્યાંથી બે ટ્રેનો ચિતોડ જાય છે. વચ્ચે કરાડા પાર્શ્વનાથનું તીર્થ છે. સ્ટેશનનું નામ પણ કરાડા છે. અપૂર્ણ.

# જૈનધર્મ અને તેના ચારિત્ર વિષે મારો પાંચ મહિનામાં થએલો અનુભવ

અને

# તે સંબંધી મારા વિચારો.

GENTLEMEN,

It is five months since I have been freed from wordly snares by the exceedingly kind help of an able Guru Maharaj like **पूज्यपादाचार्य महाराजा साहेब श्री विजयनेमिसूरिजी साहेब** and I dare say some of you at least have a desire to know my views about the Jain religion and its **चारित्र.** Gentlemen, it is very likely, you will be much interested in what I say, for, mine is the opinion of a man who five months ago was a **वैष्णव** and who resigned the world after completing his forty fifth year of age, age at which a man is supposed to be sufficiently experienced about the pleasure to be found in life and wife. Not only that but I advance so far and boldly say that there is not a soul upon earth who once in his life (may it be when he is sixty years old) will not come to the con-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



clusion that many of his relations and friends have passed away and his fate is the same too. The only difference being that resignation of the pleasure of the world is either Voluntary or compulsory and in some cases later and in the other sooner. Now gentlemen, before coming to the point aimed at, I may be permitted at this stage of my article to add that as for the little good that you are able to see in me, it is due to the very great care taken by my Guru Maharaj for my training and treatment. But as for the reverse, I mean gentlemen, the great gap that remains in my progress in proportion to the short time that has passed, all the fault lies with me, my age and my very limited sense.

Before coming to the point I may remind the readers of this article that five months ago I was a Vaishnav. The internal bliss and peace of mind that I have enjoyed during the last five months is very great indeed. By my personal experience I can now attach great importance to the following words of the wise:-

"1. Give up desire and you will find rest.

2. As long as you are attached to temporal things, so long your mind will be disturbed.

3. Your internal peace will be in proportion to your detachment from external objects."

Independent of the spiritual welfare that is sure to be conduced by the Jain religion, I might as well add that the principles of the Jain religion make one happy in this world as well. પહેલું સુખ તે જાતે નર્યા. Health is wealth. I have been able to enjoy much better comfort as regards my health of body and soul during the last five months than what I experienced before that period during forty-five years. Before coming here I used to eat at night also, but now I cannot do so and this is the first reason why I enjoy the comforts of health. Secondly, before becoming a Sadhu I never drank boiled water, but now I have to drink this sort of water and this is the second reason why I enjoy comforts of health. Thirdly before I became a Jain

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Sadhu I used to eat કંદમૂળ and many other objectionable things and drank as well Soda, lemon and ginger, all of which is the cause of ruining the health. Fourthly before I became a Jain Sadhu, on the day that I observed a fast I always ate better things than I used to eat on ordinary days and now on fasting days I do not drink even water, and this is the reason why I enjoy comforts of health.

**योगोद्वहन** also helps me much in keeping the health of the body in proper order. Yoga-vahan means the performance of certain ceremonies and observing **तप** in a moderate form. During these very charming ceremonies with austerity a Śadhu has to be a real **मिताहारी** and no wonder a moderator is the happiest of men.

As heat destroys filth, so **तप** destroys **कर्ममल,**

**सदोषमपि दीप्तेन, सुवर्णं वह्निना यथा ।**
**तपोग्निना तप्यमानस्तु तथात्मा विशुध्यति ॥**

Now gentlemen, I come to the highest **सिद्धांत** of the Jain philosophy. The welfare or otherwise of the soul depends upon one's **कर्म** only. As you sow, so you will reap.

બાવળનું બી વાવતાં, પ્રીતે પરઠા ખાય;
આંબાનો રહે ઓરતો, એમાં શો અન્યાય.

You must reap the fruit of your own actions.

In conclusion, the Kilidar of the whole business is the mind. It can raise you up or take you down and down.

**स्वर्गापवर्गौ नरकं तथांतर्मुहूर्तमात्रेण वशावशं यत् ।**
**ददाति जंतोःसततं प्रयत्नाद्वशं तदंतःकरणं कुरुष्व ॥**

મનોનિગ્રહના ઉપાય નિચે મુજબ છે.

1.—જિનાગમના યોગનું વહેવું.

2.—તપ.

3.—ચારિત્રની ક્રિયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

4.—મન, વચન અને કાયાના યોગની સત્ પ્રવૃત્તિ.
5.—બાર ભાવનાની વિચારણા. ( જુઓ શાંતસુધારસ )
6.—શુભાશુભ વ્યાપારના લાભાલાભની વિચારણા.

(Once C. H. BODIWALA Gujarati Pandit For Europeans but now.)

કપડવંજ
ચૈત્ર વદ ૭–રવિ–૧૯૬૯ } *MUNI CHANDANVIJAYA.*

## ( ઉપરના લખાણનું ભાષાંતર )

**સદ્ગૃહસ્થો:—**

પૂજ્યપાદાચાર્ય મહારાજ સાહેબ **શ્રી વિજયનેમિ સૂરિજી સાહેબ** જેવા શક્તિવાળા ગુરૂમહારાજની સહાયથી પાંચ મહિના પહેલા સાંસારિક ઉપાધિમાંથી હું છુટ્યો છું, અને જૈન ધર્મ અને તેના ચારિત્ર વિષેનો મારો અભિપ્રાય જાણવાની તમને ઘણાખરાને ઇચ્છા હશેજ એમ હું હિંમતથી કહી શકું છું. ગૃહસ્થો! જે હું કહેવા માગું છું તેમાં તમને ઘણો આનંદ ઉપજવાનો સંભવ છે, કારણકે એક માણસ જે પાંચ મહીના પહેલાં **વૈષ્ણવ** હતો, અને જે ઉમ્મર લાડી, વાડી અને ગાડીનો આનંદ ભોગવવાની ગણાય છે, તે ઉમ્મરે એટલે કે પીસ્તાળીશમે વરસે જેણે સંસારનો ત્યાગ કરેલો છે, તેના તરફથી આ બાબતમાં અભિપ્રાય પ્રકટ કરવામાં આવે છે. એટલુંજ નહિ પણ હું આગળ વધીને હિંમતથી કહી શકું છું કે સૃષ્ટિમાં એવો કોઇ પણ મનુષ્ય નથી, કે જેને ગમે તેટલી ઉમ્મરે (૯૦ વરસની ઉમ્મરે) પણ એવો વિચાર નહિ આવે કે "તેના સગા સંબંધીમાંથી ઘણા ચાલ્યા ગયા છે, અને તેને પણ તેજ પ્રમાણે તેજ માર્ગે વહન કરવાનું છે." નાની ઉમ્મરે સાંસારિક કહેવાતા સુખો છોડનાર અને મોટી ઉમ્મરે છોડનાર વચ્ચે તફાવત એટલોજ આવે છે કે તે સુખોનો ત્યાગ તો સ્વેચ્છાએ અથવા ફરજીયાત કરવોજ પડે છે, જ્યારે કેટલાએકની બાબતમાં તે ત્યાગ મોડો થાય છે, ત્યારે કેટલાએક વહેલો કરે છે. હવે ગૃહસ્થો! જે વિષય નિર્ણીત કરવામાં આવ્યો છે તે માટે મારા વિચારો દર્શાવું તે પહેલાં મને એટલું કહેવા દેશો કે જે કાંઇ થોડું ઘણું સારૂં તમે મારામાં જોઇ શકો છો તે, મારા શિક્ષણ અને વર્તણુક માટે મારા **ગુરૂમહારાજાએ** જે અતિશય સંભાળ લીધી છે તેનેજ આભારી છે; પણ વિરૂદ્ધ રીતે મારા પ્રોગ્રેસમાં જે કાંઇ મોટો ગેપ થોડા વખતના પ્રમાણમાં તમે દેખો છો તે બધો મારો, મારી ઉમ્મરનો અને મારી સંકુચિત બુદ્ધિનોજ દોષ છે તેમ નક્કી માનજો.

જે વિષય મારે દર્શાવવાનો છે તે જણાવ્યા પહેલાં ફરીથી વાંચનારાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારે જણાવવું જોઇએ કે પાંચ મહિના પહેલાં હું એક વૈષ્ણવ હતો. માનસિક શાંતિ અને આંતરિક સંતોષ, જે મેં આ પાંચ મહિનામાં અનુભવ્યો છે, તે ખરેખર બહુ વિશેષ છે. મારા જાતિ અનુભવથી ડાહ્યા માણસોના નીચેના શબ્દોની હું ઘણી અગત્યતા સ્વીકારૂં છું.

"૧ ઈચ્છાનો ત્યાગ કરો, એટલે તમને શાંતિ મળશે.

૨ જ્યાં સુધી સાંસારિક વસ્તુઓ તરફ તમે આકર્ષાયા કરશો, ત્યાંસુધી તમારૂં મન ઉપાધિમય રહેશે.

૩ બાહ્ય ઉપાધિના ત્યાગના પ્રમાણમાંજ તમારી આત્મિક શાંતિ રહેશે."

જૈન ધર્મના નિયમાનુસાર વર્તવાથી આત્મિક સુખ તો અવશ્ય મળેજ છે, તદુપરાંત મારે એટલું ઉમેરવું જોઇએ કે જૈનધર્મના નિયમો તદનુસાર વર્તનારને આ જીવનમાં પણ સુખી કરે છે. **પહેલું સુખ તે જાતે નર્યા. આરોગ્ય તેજ દોલત છે.** ચારિત્ર ગ્રહણ કર્યા પહેલાંના મારા જીવનના પીસ્તાળીશ વર્ષ દરમીઆન શારીરિક અને આત્મિક જે સુખ મેં અનુભવ્યું છે, તેના કરતાં ઘણું વધારે સુખ અને સંતોષ આ પાંચ મહિનામાં અનુભવવા હું શક્તિવાન્ થયો છું. અહીં આવ્યા પહેલાં હું રાત્રે પણ ક્ષુધાશાંતિ કરતો હતો, પણ અહીંના નિયમાનુસાર હવે હું તેમ કરી શકુંજ નહિ, અને તંદુરસ્તીનું જે સુખ હું અનુભવું છું તેનું આ મુખ્ય કારણ છે. બીજું કારણ એ છે કે હું સાધુ થયો તે પહેલાં ઉકાળેલું પાણી હું કદી પણ વાપરતો નહિ, પણ હવે મારે ઉકાળેલ પાણીજ વાપરવું પડે છે, અને તંદુરસ્તીનું સુખ ભોગવવાનું તે બીજું કારણ છે. વળી ત્રીજું કારણ એ છે કે હું જૈનસાધુ થયો તે પહેલાં કંદમૂળ અને બીજી પણ ઘણી વિરૂદ્ધતાવાળી વસ્તુઓ હું ખાતો, અને સોડા, લેમન, જીંજર વિગેરે પીતો કે જે સર્વે આરોગ્ય બગાડવાના કારણો છે, તેનો મારે હવે ઉપયોગ કરવાનો નથી. વળી ચોથું કારણ એ છે કે હું જૈનસાધુ થયો તે પહેલાં જ્યારે જ્યારે ઉપવાસ કરતો ત્યારે હું હમેશના કરતાં વધારે સારી ચીજો ખાતો અને હવે તો ઉપવાસના દિવસોમાં પાણી પણ વાપરતો નથી, હું જે તંદુરસ્તીનું સુખ ભોગવું છું તેનું એ પણ કારણ છે.

શારીરિક તંદુરસ્તી બરોબર સાચવવામાં યોગોદ્વહન પણ મને સારી સહાય અર્પે છે. યોગ-વહન તે અમુક ક્રિયાનું કરવું, અને સામાન્ય નિયમમાં તપસ્યા કરવી પડે છે. તપસ્યા સાથે આ આકર્ષણીય ક્રિયાઓના આચરણ વખતે દરેક સાધુને ખરેખરા મિતાહારી થવું પડે છે, અને મિતાહારી મનુષ્ય સંપૂર્ણ સુખીજ ગણાય તેમાં નવાઇ નથી.

જેવી રીતે ગરમી કચરા-મળ વિગેરેને દૂર કરે છે, તેવીજ રીતે તપ કર્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળને દૂર કરે છે. કહ્યું છે કે–" જેવી રીતે સદોષ એવું પણ સુવર્ણ પ્રદિપ્ત અગ્નિથી તપાવતાં શુદ્ધ થાય છે, તેવીજ રીતે તપરૂપી અગ્નિવડે તપાવેલો આત્મા અવશ્ય વિશુદ્ધ થાય છે."

હવે ગૃહસ્થો હું જૈન ફીલોસોફીના સૌથી મુખ્ય સિદ્ધાંત માટે કહું છું. દરેક આત્માનો સુખ અથવા દુઃખનો આધાર તેના કરેલા **કર્મ** ઉપરજ રહે છે. જેવું વાવો, તેવુંજ લણવાનું હોય છે. કહ્યું છે કેઃ–

**બાવળનું બી વાવતાં, પ્રીતે પરડા ખાય;**
**આંબાનો રહે ઓરતો, એમાં શો અન્યાય.**

તમારા પોતાના કરેલા કર્મનું ફળ તમારે અવશ્ય ભોગવવુંજ પડે છે.

સંક્ષેપમાં સંપૂર્ણ કરતાં મને કહેવા દ્યો કે સમસ્ત કાર્યોનો **કિલ્લેદાર મન** છે, તે તમને ઉપર ચઢાવે છે, અગર નીચે ઉતારી નાંખે છે. કહ્યું છે કે "જેના વશ અને અવશ થવાથી અંતર્મુહૂર્ત માત્રમાં સ્વર્ગ અથવા નર્ક મનુષ્યને પ્રાપ્ત થાય છે. તે અંતઃકરણને સદા પ્રયત્નથી તમે વશ કરો."

મનોનિગ્રહના ઉપાય નીચે મુજબ છે.

**૧ જિનાગમના યોગનું વહન.**
**૨ તપ.**
**૩ ચારિત્રની ક્રિયા.**
**૪ મન, વચન અને કાયાના યોગની સત્ પ્રવૃત્તિ.**
**૫ બાર ભાવનાની વિચારણા. ( જુઓ શાંત સુધારસ )**
**૬ શુભાશુભ વ્યાપારના લાભાલાભની વિચારણા.**

લી.

**( યુરોપીયન માટેના એકવખતના ગુજરાતી પંડીત**
**મી. સી. એચ. બોડીવાલા, પણ હાલના. )**
**મુનિ ચંદનવિજય.**

આ આર્ટીકલના લેખક મુનિરાજશ્રી ચંદનવિજયજી સંસારી અવસ્થામાં અમદાવાદના રહીશ હતા. વૈષ્ણવ સંપ્રદાયના હતા અને બોડીવાળા માસ્તર તરીકે ઓળખાતા હતા. તેઓએ મીશન હાઇસ્કૂલમાં છેક ઉપરના ધોરણો સુધી માસ્તર તરીકે કામ કરેલું છે. અને ઘણા ઉંચા દરજ્જાના યુરોપીયન ઓફીસરોના ગુજરાતી શિક્ષક તરીકે કામ કરેલું છે. એ કામમાં એમણે ઘણી સારી કીર્ત્તિ સંપાદન કરેલી છે. તેના પુરાવા તરીકે એજંટ ટુ ધી ગવર્નર **જે. સ્લેડન** તથા અમદાવાદના આસીસ્ટંટ કલેકટર **હાર્ટશોર્ન** સાહેબે આપેલા અભિપ્રાય આ નીચે પ્રગટ કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( From a letter. )

*Rajkot 25-4-12*

Mr. Bodiwala,

I see there is another **Civilian** sent to Ahmedabad and I hope you are training him in the language and will be **as successful as you have been with his predecessors.**

**J. Sladen.**

*Agent to the Governor, Kathiawar.*

Mr. Bodiwala has a **thorough** knowledge of English. His experience as a teacher is, I believe, **extensive**. I have studied Gujarati with him for four months, and have passed the Gujarati Higher Standard under his **auspices**.

**J. B. Hartshorne**

I. C. S.

*Assistant Collector, Ahmedabad.*

આટલી પ્રસિદ્ધિવાળા અને કેળવાયેલા માણસ વૈષ્ણવ ધર્મ તજી દઇ જૈનધર્મ સ્વીકારે, એટલુંજ નહીં પણ તે સાથે વૈરાગ્ય વૃત્તિથી સંસાર તજી દઇ મુનિપણું અંગિકાર કરે, એ ખાસ અનુકરણ કરવા લાયક હકીકત છે, અને તેમની પરીક્ષક બુદ્ધિ ધન્યવાદ આપવા યોગ્ય છે. એમનો અનુભવ લક્ષમાં લેવા યોગ્ય જણાયાથીજ અહીં પ્રગટ કરવામાં આવેલ છે. **તંત્રી.**

# पालीताणामां थयेली गंभीर होनारत.

## ( સંખ્યાબંધ માણસોનું નુકશાન અને ઘરોનું પડી જવું ).

ગઈ તા. ૧૧ મી. બુધવાર જેઠ શુદિ ૭ ની રાત્રે પાલીતાણા ખાતે બાર વાગ્યા પછી માત્ર બે કલાકમાં ૧૨ ઇંચ ઉપરાંત વરસાદ પડવાથી દરવાજા પાસેની નદીમાં અને ઘેટીના દરવાજા તરફની નહેરમાં પુષ્કળ પાણી ભરાવાથી અને નદી ઉપર હાલમાં બાંધેલા પુલ નીચેથી પાણી ન નીકળી શકવાથી પાણીની સપાટી ઉંચી વધતી ગઇ. લગભગ ૨૫-૨૫ ફુટ પાણી વધ્યા એટલે તમામ મકાનો ઉપર તેની અસર થતાં પાયા ગળી ગયા, જેથી બે કલાકમાં મકાનો પડવા લાગ્યા. ભેરવપરામાં હુંબડની ધર્મશાળા અને દરબારી હોસ્પીટલ શિવાય તમામ મકાનો જમીનદોસ્ત થઈ ગયાં. તેની અંદર કેટલાંક તો આખા કુટુંબો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દબાઇ ગયાં. કચ્છી જૈન બોર્ડીંગના ૩૭ છોકરાઓ પૈકી ૨૦ બચ્ચા ને ૧૭ દબાઇ ગયા. જૈન વિધવાશ્રમની અંદર ૨૧ શ્રાવિકાઓ હતી તે તમામ દબાઇ જવાથી મરણ પામી. બીજા પણ સંખ્યાબંધ માણસો મૃત્યુવશ થયા.

ઘેટીના દરવાજા તરફનું પરૂં તમામ નાશ પામ્યું છે. શત્રુંજયના દરવાજા બહારના ધર્મશાળાઓ શિવાયના તમામ મકાનો બેસી ગયા છે. નવાપરાના ચોકમાં કેટલાક મકાનો બેસી ગયા છે. ફક્ત શહેરનો મધ્ય ભાગ ને ધર્મશાળાઓ બચેલ છે. ધર્મશાળાઓની અંદર દાખલ થઇ જવાથી જેમના ઘરો પડી ગયાં તે તમામ માણસોનો બચાવ થયો છે. ત્યાર પછી આશ્રય પણ ધર્મશાળાઓમાંજ મળ્યો છે. આ હકીકત બહારગામ તાર ને ટપાલદ્વારા ફેલાતાં પુષ્કળ મદદ ચારે તરફથી આવી પહોંચી છે. રાજ્ય તરફથી કમીટી નીમાણી છે ને ફંડ ઉઘાડયું છે. પત્રો લખાણા છે. ચારે બાજુથી પુષ્કળ રકમો આવી છે ને ઘણા ગામો ને શહેરોમાં ફંડ થવા લાગ્યા છે. મુંબઇથી પુષ્કળ રકમ આવી છે. કચ્છી ભાઇઓએ ૬૦૦ મકાનો પત્રાંનાં કરાવી આપવા કબુલ કર્યાં છે. ભાવનગર, અમદાવાદ ને મુંબઇના કેટલાક સખી ગૃહસ્થો તરફથી દરેક માણસને અન્નવસ્ત્ર વિગેરેની સારી મદદ આપવામાં આવી છે. લાજવાળા કુટુંબોને ખાનગી રીતે દ્રવ્યની રોકડી મદદ અપાણી છે. હજુ મદદ આપવાનું કામ શરૂ છે. આ વખતના વરસાદે કુંડલા મહુવા વિગેરે ગામોમાં પણ પુષ્કળ નુકશાન કર્યું છે, પરંતુ પાલીતાણા તીર્થસ્થળ હોવાથી જૈન વર્ગની લાગણી બહુ આકર્ષાણી છે અને મુંબઈ, સુરત, અમદાવાદ તેમજ ભાવનગર વિગેરે સ્થળેથી ઘણા ગૃહસ્થોએ જાતે ત્યાં જઇને યથાયોગ્ય મદદ આપવાની વ્યવસ્થા કરી છે.

આ હોનારતથી પાલીતાણા ખાતે સુમારે ૩૦૦ ઉપરાંત માણસોના મરણ નીપજ્યા છે ને ૨૫૦૦ લગભગ મકાનો પડીને પાયમાલ થયા છે. આવી હોનારત કાઠીયાવાડમાં કોઇ વખતે પણ થઇ હોય એમ જાણવામાં નથી. વિધવાશ્રમની બાઈઓ ને જૈન બોર્ડીંગના વિદ્યાર્થીઓના મરણથી અત્યંત ખેદ થયો છે. જે વિદ્યાર્થીઓ બચ્યા તેને બચાવવામાં ભાઇ કુંવરજી દેવશીએ પોતાના સ્વાર્થનો ભોગ આપી એવો સ્તુત્ય પ્રયાસ કર્યો છે કે જેને માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. આ હોનારત સંબંધી ન્યુસપેપરદ્વારા ઘણી હકીકત બહાર પડેલી હોવાથી અહીં ટુંકાણમાંજ નોંધ લેવામાં આવી છે. દયાળુ ગૃહસ્થોએ ત્યાંના નિરાધાર લોકોને ઉપયોગમાં આવે તેવી રીતે બનતી સહાય આપવા હજુ પણ પોતાનો ઉદાર હાથ લંબાવવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ નરભેરામ કપુરચંદનું ખેદકારક મૃત્યુ.

ઉપર જણાવેલા શ્રી ભરૂચ નિવાસી ગૃહસ્થ તા. ૧૬મી મે વૈશાક શુદ ૧૧ શુક્રવારે ૬૨ વર્ષની વયે એક પુત્ર, એક પુત્રી, વૃદ્ધ માતા અને વિધવાને મુકીને પંચત્વ પામ્યા છે. એઓ ધર્મચુસ્ત અને સતત્ ઉદ્યમી હતા, હિંમતવાન હતા, જાતમેહેનતથી દ્રવ્યોપાર્જન કરી તેનો તીર્થયાત્રા વિગેરેમાં વ્યય કર્યો હતો. એમના સ્વર્ગવાસથી અમે ખેદ પ્રદર્શિત કરીએ છીએ. એઓ અમારી સભાના સભાસદ હતા. એમના મૃત્યુ સમયે જીવદયાના અનેક કાર્યો કરવામાં આવ્યા છે. અમે તેમના પુત્ર છોટાલાલ વિગેરેને દીલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## ભાઇ ડાહ્યાભાઇ સરૂપચંદનું ખેદકારક મૃત્યુ.

આ મૂળ સુરતનિવાસી પરંતુ હાલમાં મુંબઇ નિવાસી થયેલા બંધુ સભા સાથેના બહુ લાંબા વખતથી સંબંધવાળા હતા. છેવટે લાઇફ મેમ્બર પણ થયા હતા. તેઓ ગળા પરના ઓપરેશનને પરિણામે ગયા માહ માસમાં આ ફાની દુનીઆ છોડી ગયા છે. તેમના મૃત્યુ સંબંધી વિશેષ ખબર નહીં મળવાથી અત્રે નોંધ માત્ર લેવામાં આવે છે. તેમની ઉમર સુમારે ૪૫ વર્ષની હતી. સભા પ્રત્યે પૂર્ણ પ્રેમ ધરાવનારા હતા. ધર્મચુસ્ત હતા અને ધર્મિક પ્રસંગોમાં અગ્ર ભાગ લેનારા હતા. તેમના મૃત્યુથી સભાએ એક લાગણીવાળો સભાસદ ગુમાવ્યો છે. તેમના બંધુ, વિધવા અને સંતતીને અમે દીલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ

માહે જુન સન ૧૯૧૩ માં નીચે લખ્યા ગામોમાંથી ફંડની રકમ આવી છેઃ—

જુન્નેર ૨૨ા, મંચર ૫૧, રાજુર ૩૦, વાડા ૧૬ા, આંગલી ૩૩, લોદરા ૧૧, ભાભર ૪૦ાા, ભેસાણા ૭ા, બાવળચુડી ૮ાા, રવલ ૦ાા, જાડા ૨, કુંવાળા ૧૦, મીઠી પાલડી ૧૧, થરા ૩૪ાાા≡, જામપુર ૭ા, પીલુચા ૫૪ાા, ટેંબાચુડી ૨૭ાા, મજાદર ૧૩ા, માસોસણા ૧ા, ભરકાવાડ ૨ાા, ચાંગા ૨૨ાાા, ચોંદુરબન્દરે ૧, સાંઠલી ૧૧ા.

૪૬૬ાા≡

ગયા માસ આખરે આવેલી રકમ ૧૨૪૦ા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગત વર્ષના ભેટ તરીકે આપવાની બંને બુકો **ધનપાળ પંચાશિકા** અને **તત્ત્વવાર્તા** તથા **લક્ષ્મી સરસ્વતીનો સંવાદ** જેમનું લવાજમ આવેલ નથી તેમને વી. પી. થી મોકલવાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે. જેમને આ અંક મળ્યા પહેલાં વી. પી. મળી ગયા હોય તેમણે તે સ્વીકારી લીધા હશે જ; જેમને આ અંક પહોંચ્યા પછી વી. પી. મળે તેમણે સત્વર જ તે સ્વીકારી લેવા કૃપા કરવી. એક વર્ષ અગર તે કરતાં જેટલું વધારે લવાજમ લેણું નીકળતું હશે તદનુસાર દરેક ગ્રાહક ઉપર વી. પી. કરવામાં આવશે. આવી રીતે ત્રણ ત્રણ માસથી સૂચના અપાણા છતાં અને આખા વર્ષના ગ્રાહક રહીને માસિકના અંકો લીધા છતાં વી. પી. પાછા ફેરવનાર ગૃહસ્થો ખરેખર જ્ઞાનખાતામાં નાહકનું નુકશાન કરનારા જ થાય છે. વી. પી. ન સ્વીકારનારને લવાજમ તો પાછળથી પણ આપવું જ પડશે, અને ભેટની બુકો ઉપરનો તેમનો હક નાબુદ થશે; માટે વી. પી. આવેથી સત્વરજ સ્વીકારી લેવા દરેક ગ્રાહક બંધુએ અવશ્ય ધ્યાનમાં રાખી લેવું. ચાલુ વર્ષ માટે બહુ સુંદર એક ભેટની બુક આપવાનો વિચાર કર્યો છે. તેનું નામ વિગેરે વિશેષ હકીકત હવે પછીના અંકમાં બહાર પાડવામાં આવશે.

## પર્યુષણ લગભગ બહાર પડશે.

## શ્રીમાન્ આનંદઘનજીના ‘ ૫૦ ’ પદ ઉપર વિવેચન.

(વિવેચન કર્ત્તા-કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ. સોલીસીટર.)

આ ગ્રંથ જે અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે તે લગભગ તૈયાર થઇ જવા આવ્યો છે. ગ્રંથ ‘ ૮૦ ’ ફારમ ઉપરાંતનો લગભગ ૭૦૦ પૃષ્ઠનો થશે અને સુંદર પ્રીન્ટીન્ગ તથા બાઈંડીન્ગ કરાવવામાં આવશે, છતાં કિમત બહુ જ નજીવી લગભગ પડતર રાખવામાં આવશે. ગ્રાહક થવાની ઇચ્છા રાખનારા બંધુઓએ સત્વર નામો લખી મોકલવા. તેના ઉપર વિવેચન એવી સરલ અને સુંદર ભાષામાં લખવામાં આવ્યું છે કે જે કોઈ વાંચશે તેને તેમાં અપૂર્વ આનંદ આવે તેમ છે અને તરતજ સમજણ પડે તેમ છે. પદોના દરેક ગૂઢાર્થો બહુ સારી રીતે લંબાણથી વિવેચનમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે. દરેક પદમાં જુદી જુદી જે જે ફીલોસોફી કર્તાએ દર્શાવી છે, તે દરેક સ્પષ્ટ શબ્દોમાં વાંચતા તરતજ સમજી શકાય તેવી ભાષામાં વિવેચનમાં દર્શાવવામાં આવેલ [illegible] દરેક જૈન બંધુએ અવશ્ય ગ્રાહક થવાલાયક છે.

For Private And Personal Use Only